ઉ. ૧૪૧ આહારક ૪, જિનનામ, સમ્યક્ત્વ, મિશ્રમોહનીય વિના.

૩૮૧. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિથ્યાત્વને વિષે સત્તામાં કેટલી પ્રકૃતિઓ હોય ?

ઉ. ૧૪૮, મિથ્યાત્વમાં સર્વ જીવ અપેક્ષાએ ૧૪૮ હોય છે.

૩૮૨. સાસ્વાદન, મિશ્ર સમકિતને વિષે સત્તામાં કેટલી પ્રકૃતિઓ હોય ?

ઉ. ૧૪૭, જિનનામ વિના

૩૮૩. સન્ની, આહારી, અણાહારી વિષે સત્તામાં કેટલી પ્રકૃતિઓ હોય ?

ઉ. ૧૪૮ હોય.

૩૮૪. અસન્ની ને વિષે સત્તામાં કેટલી હોય ?

ઉ. ૧૪૭ જિનનામ વિના જાણવી.

૩૮૫. એકસો અડતાલીશની સત્તાવાળી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. ૪૪, મનુષ્યગતિ, પંચે.જાતિ, ત્રસકાય, ૩-યોગ, ૩ વેદ, ૪-કષાય, ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, ૬-સંયમ(પરિહાર વિ. વિના) ૩-દર્શન, ૬-લેશ્યા, ભવ્ય, અભવ્ય, ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમ, મિથ્યાત્વ, સન્ની, આહારી, અણાહારી.

૩૮૬. એકસો સુડતાલીશની સત્તા હોય એવી માર્ગણા કેટલી હોય ?

ઉ. ૭, તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ, પરિહારવિશુદ્ધચારિત્ર, સાસ્વાદન, મિશ્ર, અને અસન્ની માર્ગણા.

૩૮૭. એકસો પીસ્તાલીશની સત્તાવાળી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. ૭, એકેન્દ્રિયયાદિ ૪-જાતિ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય.

૩૮૮. એકસો ચુમ્માલીશની સત્તાવાળી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. બે-તેઉકાય અને વાયુકાય

૩૮૯. એકસો એકતાલીશની સત્તાવાળી માર્ગણાઓ કેટલી હોય ?

ઉ. એક અભવ્ય.

૩૯૦. પંચ્યાશી પ્રકૃતિઓની સત્તાવાળી માર્ગણા કેટલી હોય ?

ઉ. બે કેવલજ્ઞાન, કેવલદર્શન,

૩૯૧. સામાન્ય થી સત્તાસ્થાનો માર્ગણા આશ્રયી કેટલા થાય ?

ઉ. છ થાય છે તે આ પ્રમાણે ૧૪૮, ૧૪૭, ૧૪૫, ૧૪૪, ૧૪૧ અને ૮૫ પ્રકૃતિઓરૂપે જાણવા.

# કર્મગ્રંથ-૬

●

## ભાગ-૮

# સપ્તતિકા નામા ષષ્ઠ કર્મગ્રંથ

## કર્મગ્રંથ-૬ : પ્રશ્નોત્તરી

### ભાગ - ૮

ઉપશમશ્રેણી નું વર્ણન

પઢમ કસાય ચઉક્કં
દંસણતિગ સત્તગાવિ ઉવસંતા ।
અવિરય સમ્મત્તાઓ
જાવ નિઅટ્ટિતિ નાયવ્વા ॥૭૫॥
સત્તટ્ઠ નવ ય પનરસ
સોલસ અટ્ઠાર સેવ ગુણવીસા ।
એગાહિ દુ ચઉવીસા
પણવીસા બાયરે જાણ ॥૭૬॥

સત્તાવીસં સહુમે અટ્ઠાવીસંચ મોહ પયડીઓ ।
ઉવસંત વીઅરાએ
ઉવસંતા હુંતિ નાયવ્વા ॥૭૭॥

ભાવાર્થ : અનંતાનુબંધિ ચાર કષાય, દર્શન મોહનીયની ત્રણ, એ સાત પ્રકૃતિઓ ચોથા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનક સુધી સર્વથા ઉપશમ હોય છે. ॥૭૫॥

નવમા ગુણસ્થાનકે ૭,૮,૯,૧૫,૧૬,૧૮,૧૯,૨૧,૨૨,૨૪,૨૫,૨૭ પ્રકૃતિઓ સર્વથા ઉપશમ થયેલી હોય છે. ॥૭૬॥

દશમા ગુણસ્થાનકે મોહનીય કર્મની સત્તાવીશ (૨૭) પ્રકૃતિઓ ઉપશમ

થયેલી હોય છે અને અગ્યારમા ગુણસ્થાનકે મોહનીય કર્મ સંપૂર્ણ ઉપશમ થયેલું જાણવું. ॥૭૭॥

૧. અનાદિ મિથ્યાત્વી જીવો સૌ પ્રથમ કયા સમક્તિને પામે ? કોના કોના મતે ફેરફાર છે ?

ઉ. અનાદિ મિથ્યાત્વી જીવો કાર્મગ્રંથિક મતના અભિપ્રાયે સૌ પ્રથમ ઉપશમ સમક્તિની પ્રાપ્તિ કરે છે અને સિધ્ધાંતિક મતે ક્ષયોપશમ સમક્તિની પ્રાપ્તિ કરે છે.

૨. ઉપશમ સમક્તિની પ્રાપ્તિ કેટલા કરણોથી થાય ? કયા ?

ઉ. ત્રણ. ૧. યથાપ્રવૃત્તકરણ, ૨. અપૂર્વકરણ, ૩. અનિવૃત્તિકરણથી ઉપશમ સમક્તિ પ્રાપ્ત થાય.

૩. ઉપશમ સમક્તિમાં પ્રવેશ તેને શું કહેવાય છે ?

ઉ. અંતરકરણમાં પ્રવેશ એ ઉપશમ સમક્તિમાં પ્રવેશ અથવા ઉપશમ સમક્તિની પ્રાપ્તિ પણ કહેવાય છે.

૪. અનાદિ જીવો ઉપશમ પામે તેમાં મોહનીયની કેટલી પ્રકૃતિઓ ઉપશમ થાય ? કઈ ?

ઉ. પાંચનો ઉપશમ હોય. સર્વથા ઉપશમ રૂપે હોય છે. અનંતાનુબંધિ ચાર કષાય, મિથ્યાત્વમોહનીય.

૫. આ સમક્તિથી જીવ શું પ્રાપ્ત કરી શકતો નથી ?

ઉ. આ ઉપશમ સમક્તિથી જીવ ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરી શકતો નથી.

૬. આ સમક્તિ કેટલા ગુણસ્થાનકોમાં હોય ?

ઉ. ચાર થી સાત એમ ચાર ગુણસ્થાનકોમાં હોય છે.

૭. આ સમક્તિનો કાળ પૂર્ણ થતાં જીવને શેનો ઉદય થાય ?

ઉ. આ ઉપશમ સમક્તિનો કાળ પૂર્ણ થયે જીવોને સમ્યક્ત્વ મોહનીય પૂંજનો ઉદય થાય અથવા મિશ્ર મોહનીયનો ઉદય થાય અથવા મિથ્યાત્વ મોહનીય નો ઉદય થતાં પહેલા અનંતાનુંબંધિનો ઉદય થાય છે.

૮. આ સમક્તિનો કાળ પૂર્ણ થયે એને શેનો ઉદય ઉપયોગી છે ?

ઉ. સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય તે ઉપયોગી ગણાય છે.

૯. સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી જીવને શું પ્રાપ્ત થાય ?

ઉ. ક્ષયોપશમ સમક્તિની પ્રાપ્તિ થાય છે.

૧૦. ક્ષયોપશમ સમક્તિ કોને કહેવાય ?

ઉ. જેમાં સમ્યક્ત્વ મોહનીયનો રસોદય એટલે વિપાકોદય હોય અને મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ તથા પ્રદેશોદય હોય તેમજ અનંતાનુબંધિ ચાર કષાયનો પ્રદેશોદય તથા ઉપશમ હોય એમ છ પ્રકૃતિ હોય તે ક્ષયોપશમ સમક્તિ કહેવાય છે.

૧૧. આ ક્ષયોપશમ સમક્તિનું પ્રયોજન શા માટે ?

ઉ. *ઉપશમ શ્રેણિનું ઉપશમ સમક્તિ આ ક્ષયોપશમ સમક્તિથી પ્રાપ્ત* થઈ શકે છે માટે તે ઉપયોગી છે. કારણ આ સમક્તિ વગર જીવો બીજા ઉપશમ સમક્તિને પ્રાપ્ત કરી જ શકતા નથી.

૧૨. બીજા ઉપશમ સમક્તિને પામવાની પ્રક્રિયા શું હોય ?

ઉ. ચાર થી સાત ગુણસ્થાનકમાં ઉપશમ સમક્તિ પામવા માટે સર્વ પ્રથમ અનંતાનુબંધિ ચાર કષાયને સર્વથા ઉપશમ કરવા પ્રયત્ન કરે છે, ત્યાર બાદ મિથ્યાત્વ મોહનીય ને ઉપશમાવવા પ્રયત્ન કરે, ત્યાર બાદ મિશ્ર મોહનીયને ઉપશમાવવા પ્રયત્ન કરે અને ત્યાર બાદ સમ્યક્ત્વ મોહનીયને ઉપશમાવવા પ્રયત્ન કરે છે.

૧૩. બીજા ઉપશમ સમક્તિમાં ચાર થી સાત ગુણસ્થાનકમાં કેટલી પ્રકૃતિઓનો ઉપશમ હોય ?

ઉ. આ સમક્તિમાં અનંતાનુબંધિ ૪-કષાય, મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય એમ સાત પ્રકૃતિનો સર્વથા ઉપશમ એટલે કે વિપાકોદય કે પ્રદેશોદય નો અભાવ થાય છે.

૧૪. અનંતાનુબંધિની ઉપશમના કરવા માટે કઈ યોગ્યતા જોઈએ ?

ઉ. ઉપશમના કરવા માટે નીચે પ્રમાણે યોગ્યતા વાળા ગુણો હોય છે. ૧. ચાર થી સાત ગુણસ્થાનકમાં વિદ્યમાન કોઈપણ યોગે વર્તતો જીવ ૨. શુભ (તેજો-પદ્મ-શુક્લ) લેશ્યાવાળા હોય. સાકાર ઉપયોગી એટલે કે જ્ઞાન ઉપયોગમાં રહેલો અંતઃ કોટાકોટી સાગરોપમની સ્થિતિ સત્તાવાળો વિશુદ્ધ ચિત્તવાળો હોય છે.

૧૫. અનંતાનુબંધિની ઉપશમના પહેલા શું કાર્ય કરે ?

ઉ. સર્વ શુભ પ્રકૃતિને બાંધનારો, અશુભ પ્રકૃતિના ચાર ઠાણીયા રસને બેઠાણીયો રસ કરનારો, શુભ પ્રકૃતિના બેઠાણીયા રસને ચાર ઠાણીયો રસ કરનારો, પૂર્વના સ્થિતિ બંધને એટલે પૂર્વના સ્થિતિ બંધ કરતાં નવા સ્થિતિ બંધોને પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન કરનારો આવા અધ્યવસાયમાં વિદ્યમાન રહેલો હોય છે.

૧૬. અનંતાનુબંધિની ઉપશમના માટેના અધ્યવસાયમાં જીવો કેટલો કાળ રહે ? અને ત્યાર બાદ શું પ્રક્રિયા કરે છે ?

ઉ. ઉપરના વિશુધ્ધ અધ્યવસાયમાં જીવો એક અંતર્મુહૂર્ત સુધી રહી તે કાળમાં ત્રણ કરણ કરવા માટે ઉદ્યમવંત બને છે.

૧૭. ત્રણ કરણો આદિ કયા કયા કહેવાય છે ?

ઉ. ૧ યથાપ્રવૃત્તકરણ, ૨. અૂપર્વકરણ, ૩. અનિવૃત્તિકરણ અને ૪ ઉપશાંત અધ્ધા કાળ ગણાય છે.

૧૮. યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરે ત્યારે વિશુધ્ધિ કેટલી હોય ? શું કાર્ય કરે ?

ઉ. જીવ પ્રવેશ કરે ત્યારે ક્રમસર અનંતગુણ વિશુધ્ધ વધતી વિશુધ્ધિએ પ્રવેશ કરે છે અને ત્યાં બંધાતી શુભ પ્રકૃતિઓનો બંધ કરે છે.

૧૯. યથાપ્રવૃત્તકરણમાં સ્થિતિઘાતાદિ થાય ? શાથી ?

ઉ. આ જીવો સ્થિતિઘાતાદિક કરતા નથી. કારણ કે તદ્પ્રાયોગ્ય વિશુધ્ધિનો અભાવ હોય છે.

૨૦. યથાપ્રવૃત્તકરણના અધ્યવસાય સ્થાનો કેટલા હોય ?

ઉ. અનેક જીવોની અપેક્ષાએ પ્રતિ સમયે અસંખ્ય લોકાકાશ પ્રદેશ જેટલા અધ્યવસાય સ્થાનો હોય છે.

૨૧. આ અધ્યવસાયના સ્થાનોના હીન રૂપે કેટલા ભેદો હોય ? કયા ?

ઉ. છ સ્થાનો હોય તે ષડ્સ્થાન પતિત રૂપ ગણાય છે.

૨૨. આ અધ્યવસાયના સ્થાનોના અધિક રૂપે કેટલા ભેદો હોય ? કયા ?

ઉ. છ સ્થાનો હોય તે ષડ્સ્થાન અધિક કહેવાય છે. ૧. અનંત ભાગ અધિક, ૨. અસંખ્ય ભાગ અધિક, ૩. સંખ્યાત ભાગ અધિક, ૪-

સંખ્યાત ગુણ અધિક, ૫-અસંખ્યાત ગુણ અધિક, ૬-અનંત ગુણ અધિક ગણાય છે.

૨૩. યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયસ્થાનો દરેક સમયે સરખા હોય ? કે ફેરફાર રૂપ હોય ? કયા પ્રકારે ?

ઉ. સરખા હોતા નથી. ફેરફાર રૂપે હોય છે એટલે કે પહેલા સમયના અધ્યવસાયો કરતાં બીજા સમયના અધ્યવસાય સ્થાનકો વિશેષાધિક હોય તેનાથી ત્રીજા સમયના અધ્યવસાય સ્થાનકો વિશેષાધિક એમ ઉત્તરોત્તર વિશેષાધિક વિશેષાધિક યથપ્રવૃત્તકરણના છેલ્લા સમય સુધી જાણવું.

૨૪. યથાપ્રવૃત્તકરણમાં જઘન્ય વિશુધ્ધિનો ક્રમ કઈ રીતે હોય ?

ઉ. વિશુધ્ધિનો ક્રમ આ પ્રમાણે જાણવો. પહેલા સમયે જઘન્ય વિશુધ્ધિ સૌથી થોડી હોય, તેનાથી બીજા સમયે જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ અધિક હોય, તેનાથી ત્રીજા સમયે જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ અધિક હોય, તેનાથી ચોથા સમયે જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ અધિક હોય આ રીતે યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગમાં જેટલા સમયો આવે ત્યાં સુધી સમયે સમયે ઉપર મુજબ જઘન્ય વિશુધ્ધિ કહેવી.

૨૫. સંખ્યાતમા ભાગના સમય બાદ વિશુધ્ધિનો ક્રમ કઈ રીતે હોય ? અને કેટલી હોય ? કયાં સુધી ક્રમ જાણવો ?

ઉ. સંખ્યાતમા ભાગમાં રહેલ સમય બાદ, પહેલા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંત ગુણી હોય, તેનાથી સંખ્યાતમા ભાગ પછીના સમયની જઘન્ય અનંત ગુણી હોય, તેનાથી બીજા સમયની ઉત્કૃષ્ટ અનંત ગુણી હોય, તેનાથી સંખ્યાતમા ભાગ પછીના બીજા સમયની જઘન્ય અનંત ગુણી હોય, તેનાથી ત્રીજા સમયની ઉત્કૃષ્ટ અનંત ગુણી હોય, તેનાથી.. આ રીતે જઘન્ય વિશુધ્ધિ તથા ઉત્કૃષ્ટ વિશુધ્ધિ યથાપ્રવૃત્તકરણના ચરમ સમયની જઘન્ય વિશુધ્ધિ અનંત ગુણ વિશુધ્ધિ હોય ત્યાં સુધી કહેવી.

૨૬. ત્યાર બાદ વિશુધ્ધિનો ક્રમ કઈ રીતનો હોય ?

ઉ. ત્યાર બાદ ઉપરના એટલે કે છેલ્લા એક એક સમયની જઘન્ય વિશુધ્ધિ

ક્રમસર અનંતગુણી જણાવી છે તે દરેક સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ ક્રમસર અનંતગુણી-અનંતગુણી યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમય સુધી કહેવી.

૨૭. આ રીતે વિશુધ્ધિ જીવની કયાં સુધી હોય ? અને ત્યારે શું કાર્ય થાય ?

ઉ. આ રીતે અધ્યવસાય સ્થાનની વિશુધ્ધિ કરતો કરતો જીવ છેલ્લા સમયે પહોંચે છે ત્યારે યથાપ્રવૃત્તકરણ સમાપ્ત થાય છે.

## અપૂર્વકરણ

૨૮. અપૂર્વકરણનો કાળ કેટલો હોય ? તેના અધ્યવસાય સ્થાનો કેટલા હોય ?

ઉ. એક અંતર્મુહૂર્તનું હોય છે તેના અધ્યવસાય સ્થાનો અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે.

૨૯. વિશુધ્ધિની અપેક્ષાએ પ્રતિ સમયો કયા પ્રકારે હોય ?

ઉ. અપૂર્વકરણના અધ્યવસાય સ્થાનોના પ્રતિ સમયો વિશુધ્ધિની અપેક્ષાએ છ સ્થાન હોય છે.

૩૦. પહેલા સમયની જઘન્ય વિશુધ્ધિ કેટલી હોય ?

ઉ. અપૂર્વકરણના પહેલા સમયની જઘન્ય વિશુધ્ધિ સૌથી થોડી પણ યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિથી અનંતગુણ અધિક વિશુધ્ધિ જાણવી.

૩૧. પહેલા સમયની જઘન્ય વિશુધ્ધિ કરતાં ક્રમસર વિશુધ્ધિ કેટલી કેટલી અને કઈ રીતે હોય ?

ઉ. પહેલા સમયની જઘન્ય વિશુધ્ધિ કરતાં તેનાથી પહેલા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણી હોય, તેનાથી બીજા સમયની જઘન્ય વિશુધ્ધિ અનંતગુણી હોય, તેનાથી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણી હોય, તેનાથી ત્રીજા સમયની જઘન્ય વિશુધ્ધિ અનંતગુણી હોય, તેનાથી ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણી હોય આ રીતે પ્રતિ સમય જઘન્ય અને ઉત્કૃષ્ટ અનંતગુણ-અનંતગુણ વિશુધ્ધિ અપૂર્વકરણના છેલ્લા સમય સુધી જાણવી.

૩૨. અપૂર્વકરણમાં વિદ્યમાન જીવો નવાં કયા કયા કાર્યો કરે ?

ઉ. અપૂર્વકરણના પ્રથમ સમયથીજ પાંચ પદાર્થો શરૂ કરે છે ૧. સ્થિતિઘાત ૨. રસઘાત, ૩.ગુણશ્રેણી, ૪. ગુણસંક્રમ, ૫. અપૂર્વસ્થિતિબંધ.

૩૩. સ્થિતિઘાત કોને કહેવાય ?

ઉ. જે સ્થિતિ સત્તામાં રહેલી છે તે સ્થિતિબંધકના શરૂઆતના ભાગ થકી ઉત્કૃષ્ટ પણે સેંકડો સાગરોપમ પ્રમાણે અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણે સ્થિતિ ખંડને ખંડે છે અર્થાત ઉકેલે છે. જે સ્થિતિ ઉકેલાતી નથી તે સ્થિતિમાં ઉકેલાતી સ્થિતિનું દલીયું નાખીને ફરીથી અંતર્મુહૂર્ત કાલે બીજું સ્થિતિખંડ ઉકેલે, તેનું દલીક નહી ઉકેલાતી સ્થિતિમાં નાંખે, પછી ત્રીજું સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણનું ઉકેલે, અને તેનું દલીકપણ નહીં ઉકેલાતી સ્થિતિમાં નાંખે આ રીતે હજારોવાર સ્થિતિખંડને ઉકેલી ઉકેલીને અપૂર્વકરણના છેલ્લા સમયમાં જીવ પહોંચે છે આ સ્થિતિઘાત કહેવાય છે.

૩૪. આ સ્થિતિઘાતમાં કુલ સ્થિતિ કેટલી ઉકેલાય ? છેલ્લા સમયે સ્થિતિ સત્તા કેટલી રહે ?

ઉ. પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણે ઉકેલાય છે અને પહેલા સમયે જે સ્થિતિ હતી તેના કરતા છેલ્લા સમયે સંખ્યાત ગુણહીન સ્થિતિ થાય છે.

૩૫. રસઘાત કોને કહેવાય ?

ઉ. અશુભ પ્રકૃતિઓનો જે રસ રહેલો છે તેનો અનંતમો ભાગ રાખીને બાકીના રસના ભાગોને એક અંતર્મુહૂર્તમાં નાશ કરે છે, ત્યારબાદ જે અનંતમો ભાગ બાકી છે તેનો અનંતમો ભાગ રાખી એક અંતર્મુહૂર્તમાં બાકીનાં બીજા રસોનો નાશ કરે છે હવે અનંતમો ભાગ બાકી રહ્યો છે તેનો અનંતમો ભાગ બાકી રાખી બાકીનો રસ એક અંતર્મુહૂર્તમાં નાશ કરે છે. આ રસઘાત કહેવાય છે.

૩૬. એકસ્થિતિ ખંડમાં રસનાં ખંડો (ઘાતો) કેટલા થાય ?

ઉ. એક સ્થિતિ ખંડમાં હજારો રસ ખંડો (ઘાતો) થાય છે.

૩૭. સ્થિતિખંડો કેટલા અને રસખંડો કેટલા થાય ?

ઉ. આ રીતે હજાર સ્થિતિ ખંડોને વિષે હજાર હજાર રસખંડો પ્રાપ્ત થાય

છે અર્થાત થયા કરે છે અને અપૂર્વકરણ પૂર્ણ થાય છે.

૩૮. ગુણશ્રેણી કોને કહેવાય ?

ઉ. અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિની ઉપર જે સ્થિતિ રહેલી છે તેમાંથી દલીકો લઈ લઈને ઉદયાવાલિકાની ઉપરની સ્થિતિને વિષે પ્રતિ સમયે અસંખ્યાત ગુણ અસંખ્યાત ગુણ ક્રમ પૂર્વક નાંખે છે. તે આ પ્રમાણે પહેલા સમયે થોડુ બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ એમ યાવત અંતર્મુહૂર્તના છેલ્લા સમય સુધી કહેવું. આ પ્રમાણે પહેલા સમયે ગ્રહણ કરેલા દલિકોનો નિક્ષેપ વિધિ જાણવો. આ રીતે બીજા આદિ સમયને વિષે પણ દલિક નિક્ષેપ વિધિ કહેવો. પહેલા સમયે ગુણશ્રેણી રચવા માટે જે દલીક ગ્રહણ કરે તે સૌથી થોડા હોય, બીજા સમયે અસંખ્યાત ગુણા અધિક દલિકો જાણવા, ત્રીજા સમયે અસંખ્ય ગુણ અધિક જાણવા. એમ યાવત્ ગુણશ્રેણી કરણના ચરમ સમય સુધી જાણવું.

૩૯. ગુણશ્રેણીનો કાળ કેટલો હોય ?

ઉ. એક અંતર્મુહૂર્તનો હોય પણ તે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળ થકી થોડો અધિક કાળ જાણવો.

૪૦. ગુણશ્રેણીનો નિક્ષેપ કયાં સુધી રહે ? અને કયાં સુધી થઈ શકે ?

ઉ. અપૂર્વકરણના સમયો અને અનિવૃત્તિકરણના સમયો અનુક્રમે ગુણશ્રેણીના દલિકોનો નિક્ષેપ અરસપરસ શેષ શેષ ને વિષે હોય તેનાથી ઉપર ન વધે અર્થાત્ તે દલિકો ઉપર ન જાય આને ગુણશ્રેણી કહેવાય છે.

૪૧. ગુણસંક્રમ કોને કહેવાય ?

ઉ. અપૂર્વકરણના પહેલા સમયે અનંતાનુબંધિયાદિ અશુભ પ્રકૃતિઓના દલિકો પર પ્રકૃતિને વિષે (એટલે કે બીજી પ્રકૃતિઓને વિષે) જે સંક્રમ થાય તે સૌથી થોડું હોય, બીજે સમયે પર પ્રકૃતિને વિષે જે દલિક સંક્રમ થાય તે તેનાથી અસંખ્યાત ગુણ અધિક હોય, આ રીતે અસંખ્યાત ગુણ અધિક અધિક અપૂર્વકરણના છેલ્લા સમય સુધી જાણવું તેને ગુણસંક્રમ કહેવાય છે.

૪૨. અપૂર્વસ્થિતિ બંધ કોને કહેવાય ?

ઉ. અપૂર્વ કરણના પહેલા સમયે નવો સ્થિતિ બંધ શરૂ કરે તે યથાપ્રવૃત્ત કરણના છેલ્લા સમયે જે સ્થિતિ બંધ હતો તેના કરતાં અસંખ્યાત ગુણ હીન આ સ્થિતિ બંધ હોય છે. આ રીતે દરેક સમયે નવા નવા આવા અપૂર્વ સ્થિતિ બંધ કરે છે તેને અપૂર્વસ્થિતિ બંધ કહેવાય છે.

૪૩. સ્થિતિઘાતાદિ પાંચેયની શરૂઆત તથા પૂર્ણતા કયારે થાય ? ત્યારે શું પૂર્ણ થાય ?

ઉ. સ્થિતિઘાતથી પાંચેય પદાર્થો અપૂર્વકરણના પહેલા સમયથી શરૂ થાય છે અને અપૂર્વકરણના છેલ્લા સમયે એક સાથે પૂર્ણ થાય છે એ પૂર્ણ થતાં અપૂર્વકરણ સમાપ્ત થાય છે.

## અનિવૃત્તિકરણ

૪૪. આ કરણમાં પ્રવેશ કરેલા જીવોની વિશુધ્ધિ કેવા પ્રકારની હોય ?

ઉ. જીવો જે જે સમયે રહેલા હોય તે સમય વાળા દરેક જીવોને વિશુધ્ધિ એક સરખી હોય છે એટલે કે ભૂત - ભાવિ - વર્તમાન ત્રણે કાળમાં અનિવૃત્તિ કરણના જે સમયે જે જીવો રહેલા હોય તે દરેકની વિશુધ્ધિ એક સરખી જાણવી.

૪૫. દરેક સમયની ક્રમસર વિશુધ્ધિ કેવા પ્રકારની હોય ?

ઉ. દરેક સમયની એટલે કે પહેલા સમયની વિશુધ્ધિ કરતાં બીજા સમયની વિશુધ્ધિ અનંતગુણ અધિક હોય, તેનાથી ત્રીજા સમયની અનંતગુણ અધિક વિશુધ્ધિ હોય. એમ ક્રમસર સમયે સમાયે અનંતગુણ અધિક વિશુધ્ધિ છેલ્લા સમય સુધી જાણવી.

૪૬. આ કરણમાં પહેલા સમયથી કેટલા પદાર્થો હોય ?

ઉ. આ કરણમાં પહેલા સમયથી સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ, અપૂર્વસ્થિતિબંધ એ પાંચે પદાર્થો સમકાળે હોય છે.

૪૭. આ કરણના કેટલા કાળ પછી જીવ શું કાર્ય કરે છે ?

ઉ. આ કરણના ઘણા સંખ્યાત ભાગ ગયે છતે અને એક ભાગ બાકી રહે છતે અનંતાનુબંધિ કષાયના એક આવલિકા જેટલા દલિકોને મુકીને જીવ અંતરકરણ કરે છે.

૪૮. અંતરકરણ કોના સરખુ કેટલા કાળ પ્રમાણ હોય ?

ઉ. અપૂર્વકરણના કાળ સરખું અંતરકરણ એક અંતર્મુહૂર્તનું કરે છે (હોય છે.)

૪૯. અંતરકરણનું દલિક નાશ કઈ રીતે થાય ?

ઉ. એ દલિક નાશ કરવા માટે બધ્યમાન (બંધાતી) પર પ્રકૃતિને વિષે તે દલિક નાંખે છે.

૫૦. એ દલિક નાખતા શું કાર્ય થાય ?

ઉ. બધ્યમાન પર પ્રકૃતિને વિષે નાખે તે વખતે પ્રથમ સ્થિતિનું દલિક આવલિકામાત્ર હોય તે વેદ્યમાન ભોગવાતી પર પ્રકૃતિને વિષે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવે છે.

૫૧. અંતરકરણ કરવાથી જીવને શું કાર્ય થાય ?

ઉ. અંતરકરણ કીધે થકે બીજે સમયે અનંતાનુબંધિનું ઉપરની સ્થિતિનું દલિક ઉપશમાવવા માંડે છે.

૫૨. એ ઉપશમાવવાનો ક્રમ કઈ રીતે હોય ?

ઉ. તે આ રીતે, પહેલે સમયે થોડું ઉપશમાવે, બીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે, ત્રીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે. એમ યાવત્ એક અંતર્મુહૂર્ત સુધી ઉપશમાવે છે.

૫૩. એક અંતર્મુહૂર્તમાં ઉપશમાવવાથી શું કાર્ય થાય ?

ઉ. એટલા કાળની અંદર અનંતાનુબંધિ કષાયનાં દલિકો ઉપશમિત થાય છે.

૫૪. ઉપશમિત દલિકો કેટલા કરણને અયોગ્ય થાય ?

ઉ. અનંતાનુબંધિના ઉપશમિત થયેલા દલિકો સંક્રમકરણ-ઉદય-ઉદીરણા કરણ, નિધ્ધાત્તકરણ, અને નિકાચનાકરણને અયોગ્ય થાય છે એટલે કે ઉપશમ થયેલું દલિક સંક્રમ પામે નહિ, ઉદયમાં આવે નહિ, ઉદીરણા થાય નહિ, નિધ્ધત્ત અને નિકાચનાને પણ પામે નહિ, અર્થાત બને નહિ, અનંતાનુબંધિની ઉપશમના સમાપ્ત.

૫૫. ઉપશમ શ્રેણીમાં અનંતાનુબંધિની ઉપશમના માટે કોઈ મત-મતાંતર *છે ? કયા ?*

ઉ. કેટલાક આચાર્યો ઉપશમ શ્રેણીમાં અનંતાનુબંધિ ચાર કષાયનો ઉપશમ માનતા નથી પણ ક્ષપણા એટલે (વિસંયોજના) જ માને છે એટલે જીવો મોહનીયની ચોવીશની સત્તાવાળા માને છે.

## અનંતાનુબંધિની વિસંયોજના સ્વરૂપ (ક્ષપના)

૫૬. અનંતાનુબંધિ કષાયની વિસંયોજના કોણ કરે ?

ઉ. ચારે ગતિમાં રહેલા સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો ચાર થી સાત ગુણસ્થાનકમાં રહેલા ક્ષયોપશમ સમક્તિી જીવો વિસંયોજના ક્ષપના કરવાનો પ્રયત્ન કરે છે.

૫૭. અનંતાનુબંધિની વિસંયોજના કરતાં કેટલા કરણ કરે ? કયા ?

ઉ. ઉપશમનાની જેમ પહેલા ત્રણ કરણો કરે છે પણ અંતરકરણ કરતા નથી. ૧. યથાપ્રવૃત્તકરણ ૨. અપૂર્વકરણ, ૩. અનિવૃત્તિકરણ.

૫૮. આ કરણોથી કેટલા દલિકોનો નાશ કરે ? કેટલા બાકી રાખે ?

ઉ. છેલ્લા એક આવલિકા જેટલા દલિકો મૂકીને બાકીના બધા દલિકોનો ઉદ્વલના સંક્રમ વડે નાશ કરે છે.

૫૯. આવલિકા માત્ર દલિકોનું શું કરે ?

ઉ. આવલિકા માત્ર દલિકોને સ્તિબુક સંક્રમ વડે કરીને વેદાતી પ્રકૃતિઓને વિષે સંક્રમાવે છે.

૬૦. આ ક્રિયા બાદ અનિવૃત્તિકરણના અંતે શું થાય ?

ઉ. વેદાતી પ્રકૃતિમાં દલિકો સંક્રમાવ્યાબાદ એટલે તે અંતર્મુહૂર્ત પછી અનિવૃત્તિકરણના અંતે બાકીના કર્મોની સ્થિતિઘાત-રસઘાતાદિ કરે છે અત્રે ગુણશ્રેણી હોતી નથી. આ અનંતાનુંબંધિની ક્ષપના અથવા વિસંયોજના કહેવાય છે.

૬૧. વિસંયોજન એટલે શું ?

ઉ. અનંતાનુબંધિ ચાર કષાયના સઘળાય દલિકોનો આત્મ પ્રદેશો ઉપરથી નાશ સંપૂર્ણ કરવા છતાં તેને લાવનારા મિથ્યાત્વ મોહનીય સત્તામાંહોવાથી ફરીથી બંધાઈને અનંતાનુબંધિ કષાયનાં દલિકો સત્તામાં પ્રાપ્ત થવાની શકયતા હોવાથી તે વિસંયોજના રૂપે કહેવાય છે.

૬૨. વિસંયોજના રૂપ કેટલી પ્રકૃતિઓ હોય ? શાથી ?

ઉ. એક સો અડતાલીશમાંથી માત્ર અનંતાનુબંધિ ચાર કષાયો જ વિસંયોજના રૂપે હોય છે, બાકી હોતી નથી. બાકીની પ્રકૃતિઓનો ક્ષય થતાં ફરીથી આવવાને કોઈ કારણ ન હોવાથી વિસંયોજના રૂપે ગણાતી નથી.

## દર્શનત્રિકની ઉપશમનાનું વર્ણન

૬૩. મિથ્યાત્વ મોહનીયની ઉપશમના કયા કયા ગુણઠાણે થાય ?

ઉ. પહેલા મિથ્યાત્વ ગુણઠાણે અને ચાર થી સાત ગુણઠાણે ઉપશમના થાય છે. પહેલે ઉપશમ સમક્તિ પામતા કરે અને ચાર થી સાતમાં ક્ષયોપશમ સમક્તિી જીવો કરે.

૬૪. મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીયની ઉપશમના કયા કયા ગુણઠાણે થાય ? કોણ કરે ?

ઉ. ચાર થી સાત ગુણઠાણે રહેલા ક્ષયોપશમ સમક્તિી જીવો ઉપશમના કરે છે.

૬૫. મિથ્યાત્વની ઉપશમના પહેલે ગુણઠાણે કયા જીવો કરે ?

ઉ. સન્ની પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અનંત ગુણ વિશુધ્ધિએ વધતો મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન કે વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાનમાંથી કોઈપણ એક અજ્ઞાનનાં ઉપયોગમાં એટલે સાકાર ઉપયોગમાં વર્તતો હોય તે જીવ કકરે.

૬૬. અનંતગુણ વિશુધ્ધિ કઈ અપેક્ષાએ જાણવી ?

ઉ. અભવ્ય જીવોની અપેક્ષાએ અનંતગુણ-અનંતગુણ વિશુધ્ધિવંત જાણવો.

૬૭. જઘન્યાદિ પરિણામે કઈ કઈ લેશ્યા હોય ?

ઉ. જઘન્ય પરિણામે તેજો લેશ્યામાં વિદ્યમાન હોય, મધ્યમ પરિણામે પદ્મ લેશ્યાએ વિદ્યમાન હોય, ઉત્કૃષ્ટ પરિણામે શુક્લ લેશ્યાએ વિદ્યમાન હોય છે.

૬૮. સાતે કર્મોની કેટલી સ્થિતિવાળો હોય ?

ઉ. સાતેય કર્મોની (આયુષ્ય સિવાય) અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિવાળો જીવ હોય છે.

૬૯. ઉપશમના માટે કયા કરણો કરે ?

ઉ. આવા જીવો સૌ પ્રથમ યથાપ્રવૃત્તકરણ કરે છે અને ત્યારબાદ તેનો કાળ પૂર્ણ થતાં અપૂર્વકરણ કરે છે.

૭૦. આ અપૂર્વકરણમાં કેટલા પદાર્થો કરે છે ? કયા ?

ઉ. ચાર, ૧. અપૂર્વસ્થિતિઘાત, ૨. અપૂર્વરસઘાત, ૩. ગુણશ્રેણી અને ૪. અપૂર્વસ્થિતિબંધ.

૭૧. મિથ્યાત્વ ગુણઠાણે અપૂર્વકરણના અધ્યવસાયથી શું કાર્ય થાય ?

ઉ. અનાદિકાળથી જીવને વળગેલ જે ગ્રંથી તે ગ્રંથીનો ભેદ થાય છે.

૭૨. ગ્રંથી કોને કહેવાય ?

ઉ. અનુકૂળ પદાર્થો પ્રત્યે જીવોને જે ગાઢ રાગ તથા પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે જીવોને જે ગાઢ દ્વેષ તે ગ્રંથી કહેવાય છે.

૭૩. તે ગ્રંથી શેનાથી પુષ્ટ થાય ?

ઉ. સદા માટે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મોથી પુષ્ટ થાય છે.

૭૪. ગ્રંથી ભેદ એટલે શું ? તેમાં શું ફળ પ્રાપ્ત થાય ?

ઉ. રાગાદિ પરિણામની જે પરિણતિ છે તેનો ભેદ (છેહ) થાય એટલે કે અનુકૂળ પદાર્થો પ્રત્યે ચાર ઠાણીયો રસ હતો તે ભેદ થતાં બે ઠાણીયો રસ થાય, અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે ચાર ઠાણીયા વાળો જે ધ્વેષ હતો તે હવે બે ઠાણીયા રસવાળો ધ્વેષ થાય તે ગ્રંથી ભેદ કહેવાય છે.

૭૫. ગ્રંથી ભેદ પૂર્ણ થયે જીવને કયું કરણ પ્રાપ્ત થાય ?

ઉ. ગ્રંથી ભેદ થયે અપૂર્વકરણ પૂર્ણ થાય અને અનિવૃત્તિકરણ નામનો અધ્યવસાય જીવને પ્રાપ્ત થાય છે.

૭૬. આ અનિવૃત્તિકરણથી જીવ શું કાર્ય કરે ?

ઉ. સત્તામાં રહેલા મિથ્યાત્વના દલિકોની જે અંતઃ કોટાકોટી સાગરોપમની સ્થિતિ રહેલી છે તેના ત્રણ ભાગ કરે છે.

૭૭. ત્રણ ભાગ મિથ્યાત્વના કેટલા કેટલા કાળના હોય ?

ઉ. પહેલો ભાગ એક અંતર્મૂહૂર્તના કાળવાળો જે અનિવૃત્તિકરણ રૂપ

ગણાય છે. બીજો ભાગ એક અંતર્મૂહૂર્તના કાળ પ્રમાણ વિભાગ કરે છે અને ત્રીજો અંતઃ કોટાકોટી સાગરોપમના કાળ વાળો ત્રીજો વિભાગ હોય છે.

૭૮. અનિવૃત્તિકરણના કેટલા ભાગ પછી (ગયે છતે) જીવ શું કાર્ય કરે ?

ઉ. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયે છતે બીજી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોનો તે સ્થિતિમાંથી સદંતર નાશ કરવા(ખાલી કરવા) પ્રયત્ન કરે છે.

૭૯. બીજી સ્થિતિમાં રહેલ મિથ્યાત્વના દલિકોને ખાલી કરવા કેવા પ્રયત્નો વિશેષ પ્રાપ્ત કરે ?

ઉ. બીજી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકો કે જેની સ્થિતિ ઘટાડીને પહેલી સ્થિતિમાં આવે એવા હોય તેને પહેલી સ્થિતિમાં લાવી લાવીને ભોગવી ભોગવીને નાશ કરે છે. તથા જે દલિકોની સ્થિતિ ઘટે એવી ન હોય તે દલિકોની સ્થિતિ વધારી વધારીને ત્રીજી અંતઃકોટા કોટી સાગરોપમની સ્થિતિમાં નાંખે છે.

૮૦. ત્રીજી સ્થિતિમાં દલિકો નખાય તેને શું કહેવાય ?

ઉ. સ્થિતિ વધારી ત્રીજી સ્થિતિ જેવા બનાવવા તે ઉદ્વર્તનાકરણ કહેવાય છે.

૮૧. આ કાર્ય કેટલા કાળ સુધી ચાલે ?

ઉ. અનિવૃત્તિકરણ કાળની છેલ્લી બે આવલિકાકાળ ભોગવવાનું બાકી રહે ત્યાં સુધી આ કાર્ય થાય છે.

૮૨. બે આવલિકાકાળ બાકી રહેતાં શું કાર્ય થાય ? તેને શાસ્ત્ર પરિભાષાથી શું કહેવાય છે ?

ઉ. જ્યારે વચલી સ્થિતિમા રહેલા દલિકોને ખાલી કરતા કરતા બે આવલિકા કાળ બાકી રહે ત્યારે વચલી સ્થિતિમાંથી ત્રીજી સ્થિતિમાં નાખવા લાયક એટલે સ્થિતિ વધારવા લાયક કોઈ દલિક રહેતું ન હોવાથી ત્રીજી સ્થિતિમાં દલિકો નાખવાનું કાર્ય બંધ થાય છે આને શાસ્ત્ર પરિભાષામાં આગાલ વિચ્છેદ કહેવાય છે.

૮૩. એક આવલિકા કાળ બાકી રહે શું કાર્ય થાય ? તેને શાસ્ત્ર પરિભાષા થી શું કહેવાય છે ?

ઉ. જ્યારે અનિવૃત્તિકરણ કાળની એક આવલિકા કાળ બાકી રહે ત્યારે પહેલી સ્થિતિમાં આવતા દલિકો બંધ થાય છે એટલે કે તે વખતે વચલી સ્થિતિમાં મિથ્યાત્વનું એક પણ દલિક હોતું નથી તેથી વચલી સ્થિતિ મિથ્યાત્વના દલિક વગરની થાય છે આ પ્રક્રિયાને શાસ્ત્ર પરિભાષામાં ઉદીરણા વિચ્છેદ કહેવાય છે.

૮૪. શાસ્ત્ર પરિભાષાથી વચલી સ્થિતિને શું કહેવાય છે ?

ઉ. મિથ્યાત્વની દલિક વગરની વચલી સ્થિતિ જે એક અંતર્મુહૂર્ત કાળની છે તેને અંતઃકરણ કહેવાય છે.

૮૫. વચલી સ્થિતિમાં જીવ આવે ત્યારે તેને શું કહેવાય ?

ઉ. પહેલી અનિવૃત્તિકરણની છેલ્લી આવલિકા ઉદયથી ભોગવ્યા પછી જીવ વચલી એટલે બીજી સ્થિતિમાં પ્રવેશ કરે ત્યારે મિથ્યાત્વની ઉપશમના થઈ કહેવાય છે અને તે વખતે જીવ ઉપશમ સમક્તિ પામ્યો એમ પણ કહેવાય છે.

૮૬. ઉપશમ સમક્તિની સાથે દેશવિરતિપણું જીવો પ્રાપ્ત કરી શકે ? કયા ?

ઉ. આ ઉપશમ સમક્તિ પામતાં કોઈક જીવોની સાતે કર્મોની સ્થિતિ સત્તા ચોથા ગુણસ્થાનક કરતાં સંખ્યાતા પલ્યોપમ જેટલી ઓછી થયેલી હોય તે જીવો ઉપશમ સમક્તિ પામતાની સાથે દેશવિરતિના પરિણામને પણ પામે છે.

૮૭. ઉપશમ સમક્તિની સાથે સર્વ વિરતિનાં પરિણામ પામી શકે ? કયારે ?

ઉ. કેટલાક જીવોની સાતે કર્મોની સ્થિતિ સત્તા ઉપશમ સમક્તિ પામતાં જેટલી હોય છે તેનાથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ સત્તા ઓછી થાય ત્યારે જીવો ઉપશમ સમક્તિ પામતાની સાથે સર્વવિરતિ એટલે છટ્ઠા ગણસ્થાનકના પરિણામને પામી શકે છે.

૮૮. ઉપશમ સમક્તિ પામતાની સાથે અપ્રમત્ત ભાવના પરિણામ જીવો પામી શકે ? કયારે ?

ઉ. ઉપશમ સમક્તિ પામતા સર્વવિરતિના પરિણામ જે જીવો પામે છે તેઓને સાતે કર્મોની જે સ્થિતિ સત્તા હોય તેનાથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ સત્તા ઓછી થાય ત્યારે જીવો અપ્રમત્ત ગુણસ્થાનકના

પરિણામને પ્રાપ્ત કરી શકે છે.

૮૯. અનાદિ મિથ્યાત્વી, મિથ્યાત્વની ઉપશમના કર્યા બાદ શું કાર્ય કરે ? કયા કયા ગુણઠાણે પ્રાપ્ત કરી શકે ?

ઉ. ઉપશમ સમકિતી જીવોનો કાળ પૂર્ણ થતાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થતા જીવો ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. આ સમકિત ચારથી સાત ગુણસ્થાનકમાં પ્રાપ્ત કરે છે.

૯૦. ક્ષયોપશમ સમકિતી જીવો શું કાર્ય કરે ?

ઉ. વિશુધ્ધ પરિણામવાળો થયો થકો જીવ અનંતાનુબંધિ ઉપશમનાની જેમ ઉપશમશ્રેણીનું ઉપશમ સમકિત પામવા માટે ત્રણ કરણ કરે છે. ૧. યથાપ્રવૃતકરણ, ૨. અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ.

૯૧. અનિવૃત્તિકરણના કાળમાં જીવ શું કાર્ય કરે ? કયારે ?

ઉ. અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ ગયા પછી મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના દલિકોની એક અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિનું અંતરકરણ કરે છે.

૯૨. અંતરકરણ કરતાં શું કાર્ય થાય ?

ઉ. અતંરકરણ મિથ્યાત્વ-મિશ્ર મોહનીયના દલિકોનું થતાં તે બન્નેનાં દલિકોને સમ્યક્ત્વ મોહનીયના ભોગવાતાં દલિકોમાં નાંખે છે.

૯૩. આ રીતે નાંખતા નાંખતા જીવો બીજું શું કાર્ય કરે ?

ઉ. આ રીતે જ્યારે દલિકોને એટલે મિથ્યાત્વ-મિશ્ર મોહનીયના દલિકોને સમ્યક્ત્વ મોહનીયમાં નાખવાનો પ્રયત્ન વિશેષ કરે છે. તેજ વખતે આવલિકા માત્ર જેટલા દલિકોનો સાથે સાથે ઉપશમ પણ કરે છે.

૯૪. આ પ્રયત્ન વિશેષોથી જીવો ઉપશમના કોની કોની કરે છે ?

ઉ. આ પ્રયત્ન વિશેષથી જ્યારે મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના દલિકો ઉપશમને પામે ત્યારે ભોગવાતા સમ્યક્ત્વ મોહનીયના દલિકોને ભોગવીને ક્ષય કરે છે.

૯૫. સમ્યક્ત્વ મોહનીયના દલિકોનો ભોગવીને ક્ષય થાય ત્યારે ઉપશમના કોની કોની થઈ કહેવાય ?

ઉ. જ્યારે સમ્યક્ત્વ મોહનીયના દલિકો ભોગવીને ક્ષય પામે ત્યારે દર્શન મોહનીયની ત્રણે પ્રકૃતિની ઉપશમના થાય છે આ દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિની ઉપશમના થઈ ગણાય છે.

## ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓની ઉપશમના વર્ણન

૯૬. આ ઉપશમ સમક્તિી જીવ શું કાર્ય કરે ?

ઉ. સાતેય પ્રકૃતિની ઉપશમના વાળો ઉપશમ સમકિતી જીવ વિશુધ્ધ અધ્યવસાય વાળો થયો થકો ચારિત્ર મોહનીયને ઉપશમાવવા માટે ફરીથી પાછા ત્રણ કરણો કરે છે. ૧. યથાપ્રવૃત્તકરણ. ૨. અપૂર્વકરણ. ૩. અનિવૃત્તિકરણ.

૯૭. યથાપ્રવૃતકરણ કયા ગુણસ્થાનકે હોય ?

ઉ. અપ્રમત્ત-સાતમા ગુણસ્થાનકે રહેલા જીવને ચારિત્ર મોહનીયની ઉપશમના માટેનું યથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

૯૮. અપૂર્વકરણ કયા ગુણસ્થાનકે હોય ?

ઉ. ચારિત્ર મોહનીયની ઉપશમના માટેનું બીજું અપૂર્વકરણ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકમાં હોય છે.

૯૯. અનિવૃત્તિકરણ નામનો અધ્યવસાય કયા ગુણઠાણામાં હોય ?

ઉ. ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓને ઉપશમાવવા માટેનો અનિવૃત્તિકરણ અધ્યવસાય રૂપ કરણ નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનકમાં હોય છે.

૧૦૦. અપૂર્વકરણના કાળમાં કંઈ વિશેષ હોય ? શું ?

ઉ. આ અપૂર્વકરણના કાળમાં સ્થિતિઘાતાદિ પહેલાના જેમ જાણવા. પણ તેમાં વિશેષ એ છે કે નહીં બંધાતી સર્વ અશુભ પ્રકૃતિનો ગુણસંક્રમ પણ થાય છે.

૧૦૧. અપૂર્વકરણના કેટલા ભાગ ગયા પછી શું કાર્ય થાય ?

ઉ. અપૂર્વકરણ ગુણસ્થાનકનો સંખ્યાતમો ભાગ ભોગવાતાં એટલે કે પસાર થતાં નિદ્રા અને પ્રચલા આ બે પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે.

૧૦૨. અપૂર્વકરણના કેટલા ભાગ ગયા પછી શું કાર્ય થાય ?

ઉ. અપૂર્વકરણ ગુણસ્થાનકના ઘણાં ખરા સંખ્યાતા ભાગો પસાર થયા બાદ હજારો સ્થિતિખંડો પૂર્ણ થાય છે તે વખતે નામ કર્મની દેવગતિ આદિ ત્રીશ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે.

૧૦૩. અપૂર્વકરણના કેટલા ભાગ પછી શું કાર્ય થાય ?

ઉ. અપૂર્વકરણ ગુણસ્થાનકના સ્થિતિખંડ પૃથકૃત્વ એટલે કે સંખ્યાતા ભાગ ગયે છતે અપૂર્વકરણના છેલ્લા સમયે મોહનીયની ચાર પ્રકૃતિઓ (હાસ્ય-રતિ-અરતિ-શોક) નો બંધ વિચ્છેદ થાય છે.

૧૦૪. અપૂર્વકરણના છેલ્લા સમયે બીજું શું કાર્ય થાય ?

ઉ. છેલ્લા સમયે ચારનો બંધ વિચ્છેદ થતાં હાસ્યાદિ છ પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ પણ થાય છે તથા સર્વ કર્મના દેશ-ઉપશમના-નિધ્ધત્તિ તથા નિકાચના કરણ પણ વિચ્છેદ પામે છે.

૧૦૫. અપૂર્વકરણમાં કાર્ય થયા બાદ શું પ્રક્રિયા થાય ?

ઉ. સર્વ કર્મની દેશોપશમના આદિ થયે અપૂર્વકરણ ગુણસ્થાનકનો કાળ પૂર્ણથાય અને જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

૧૦૬. અનિવૃત્તિકરણમાં જીવોને શું કાર્ય ચાલુ હોય ?

ઉ. અપૂર્વકરણની જેમ આ કાળમાં પણ સ્થિતિઘાતાદિ પાંચે પદાર્થો ચાલુ હોય છે.

૧૦૭. અનિવૃત્તિકરણના કેટલા કાળ બાદ જીવો શું કાર્ય કરે ?

ઉ. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયે છતે એટલે પૂર્ણ થયે જીવો ચારિત્ર મોહનીય કર્મની એકવીશ પ્રકૃતિઓને ઉપશમાવવા માટેનું અંતરકરણ કરે છે.

૧૦૮. અંતરકરણ કાળમાં ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓનો કાળ કેટલો કેટલો કરે ?

ઉ. અંતરકરણમાં વિદ્યમાન એટલે વેદાતો સંજ્વલન ચાર કષાય માહેનો એક કષાય અને ત્રણ વેદમાંથી કોઈપણ એક વેદની સ્થિતિ તે પ્રથમ સ્થિતિ પોતાના ઉદય કાળ પ્રમાણ જાણવી. બાકીના અગ્યાર કષાયો અને આઠ નોકષાયની પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ હોય છે.

૧૦૯. કઈ કઈ પ્રકૃતિઓનો ઉદય કાળ કેટલો કેટલો હોય ?

ઉ. સ્ત્રીવેદ અને નપુંસક વેદનો ઉદય કાળ સંખ્યાત ગુણો હોય છે. તેનાથી સંજ્વલન ક્રોધનો ઉદય કાળ વિશેષાધિક, તેનાથી સંજ્વલન માનનો ઉદય કાળ વિશેષાધિક, તેનાથી સંજ્વલન માયાનો ઉદય કાળ વિશેષાધિક, તેનાથી સંજ્વલન લોભનો ઉદય કાળ વિશેષાધિક હોય છે.

૧૧૦. સંજ્વલન ક્રોધનો ઉદય ઉપશમ શ્રેણીવાળા જીવોને કયાં સુધી રહે ?

ઉ. સંજ્વલન ક્રોધે ઉપશમ શ્રેણી શરૂ કરનારને અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય ક્રોધ, આ બન્નેનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન ક્રોધનો ઉદય હોય છે.

૧૧૧. સંજ્વલનમાનના ઉદયે ઉપશમશ્રેણી વાળાને તેનો ઉદય કયાં સુધી રહે ?

ઉ. સંજ્વલન માને ઉપશમશ્રેણી શરૂ કરે તેને અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય બન્ને માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલનમાનનો ઉદય હોય છે.

૧૧૨. સંજ્વલન માયા વાળા જીવોને તેનો ઉદય કયાં સુધી હોય ?

ઉ. સંજ્વલન માયાથી ઉપશમ શ્રેણી શરૂ કરનાર જીવોને અપ્રત્યાખ્યાનીય માયા-પ્રત્યાખ્યાનીય માયા ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય હોય છે.

૧૧૩. સંજ્વલન લોભ વાળા જીવોને તેનો ઉદય કયાં સુધી હોય ?

ઉ. સંજ્વલન લોભથી ઉપશમ શ્રેણી શરૂ કરનાર જીવોને અપ્રત્યાખ્યાનીય લોભ-પ્રત્યાખ્યાનીય લોભ ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન બાદર લાભનો ઉદય હોય છે.

૧૧૪. આ રીતે થતાં પ્રકૃતિઓનાં દલિકોની સ્થિતિ કેવા પ્રકારની હોય ?

ઉ. અંતરકરણના ઉપરના ભાગોની અપેક્ષાએ સમ (સરખા) અને નીચેના ભાગોની અપેક્ષાએ વિષમ હોય છે.

૧૧૫. અત્રે સ્થિતિખંડ-સ્થિતિબંધનો પ્રારંભ અંત કયારે હોય ?

ઉ. જેટલા કાળે સ્થિતિ ખંડનો ઘાત કરે અથવા અન્ય સ્થિતિ બંધ કરે એટલા કાળે અંતરકરણ પણ કરે આ ત્રણેય એક સાથે આરંભે અને એક સાથે જ પૂર્ણ કરે છે.

## અંતરકરણ સંબંધી દલિકોનો પ્રક્ષેપ વિધિ વર્ણન

૧૧૬. જે કર્મનો બંધ ઉદય સાથે હોય તેમના દલિકો કઈ રીતે નંખાય ?

ઉ. જે કર્મનો બંધ અને ઉદય એક સાથે હોય (વર્તતા હોય) એ કર્મના અંતરકરણ સંબંધી દલિકો પહેલી સ્થિતિ અને બીજી સ્થિતિ બન્નેમાં નાંખે છે.

૧૧૭. બંધ ઉદય સાથે વાળી પ્રકૃતિનો દાખલો કયો જાણવો ?

ઉ. જેમ કે પુરૂષવેદના ઉદયે ઉપમશશ્રેણી પ્રાપ્ત કરનાર જીવોને પુરૂષવેદનો બંધ અને ઉદય બન્ને હોવાથી તેના અંતરકરણ સંબંધી દલિકો પહેલી અને બીજી સ્થિતિ એમ બે સ્થિતિમાં નાંખે છે.

૧૧૮. જે કર્મનો ઉદય જ હોય બંધ ન હોય તેના દલિકો કઈ રીતે નંખાય ?

ઉ. જે કર્મનો એકલો ઉદય જ હોય પણ બંધ ન હોય તેના અંતરકરણ સંબંધી દલિકો પહેલી સ્થિતિમાંજ નાંખે છે પણ બીજી સ્થિતિમાં નાંખતા નથી

૧૧૯. ઉદય જ હોય બંધ ન હોય તેમાં કઈ પ્રકૃતિ જાણવી ?

ઉ. જેમ કે સ્ત્રીવેદના ઉદયે ઉપશમ શ્રેણી શરૂ કરનાર જીવોને સ્ત્રીવેદનો ઉદય જ હોય છે પણ બંધ હોતો નથી તે કારણથી તેના અંતરકરણ સંબંધી દલિકો પહેલી સ્થિતિમાં નાંખે છે.

૧૨૦. જે કર્મનો બંધ હોય ઉદય ન હોય તેના દલિકો શેમાં નંખાય ?

ઉ. જે કર્મનો ઉદય નથી પણ ફક્ત બંધ જ છે તેના અંતરકરણ સંબંધી દલિકો બીજી સ્થિતિમાં જ નાંખે પણ પહેલી સ્થિતિમાં નાંખતો નથી.

૧૨૧. બંધ હોય, ઉદય ન હોય તે કઈ પ્રકૃતિઓ હોય ?

ઉ. જેમકે સંજવલન ક્રોધ ઉદય ઉપશમ પ્રાપ્ત કરનાર જીવોને બાકીના ત્રણ કષાયો (માન-માયા-લોભ) ઉદય વિના બંધ હોવાથી તેના અંતરકરણના દલિકોને બીજી સ્થિતિમાં નાંખે છે.

૧૨૨. જેનો બંધ ઉદય ન હોય તેના દલિકો કઈ પ્રકૃતિમાં નંખાય ?

ઉ. જે પ્રકૃતિઓનો બંધ અનેઉદય નથી તેના અંતરકરણના દલિકો તેની પછીની (બીજી) પ્રકૃતિમાં નાંખે છે.

૧૨૩. બંધ ઉદય ન હોય એવી પ્રકૃતિઓ કઈ હોય ? તે કઈ રીતે ?

ઉ. જેમ કે બીજા અપ્રત્યાખ્યાનીય કષાય અને ત્રીજા પ્રત્યાખ્યાનીય કષાયના અંતરકરણના દલિકો કે જે આ પ્રકૃતિઓનો બંધ તેમજ ઉદય હોતો નથી તેથી આના દલિકો પરપ્રકૃતિ રૂપ સંજ્વલન કષાયમાં નાંખે છે.

૧૨૪. આ અનિવૃત્તિકરણનું વિશેષ વર્ણન શેમાં આવે ?

ઉ. ઉપર જણાવ્યા મુજબ અનિવૃત્તિકરણ કાળમાં પરિણામથી પ્રકૃતિઓનાં દલિકોને ઉપશમાવવાની જે પ્રક્રિયાઓ થાય છે તેમા ઘણું ઘણું કહેવાનું જે વિશેષ હોય છે તે કર્મ પ્રકૃતિ પ્રકરણ ગ્રંથોમાં આવે છે ત્યાંથી જાણી લેવું જરૂરી જણાય છે.

૧૨૫. અંતરકરણ કર્યા બાદ સૌ પ્રથમ કઈ પ્રકૃત્તિનો ઉપશમ થાય ?

ઉ. જ્યારે જીવ અંતરકરણ કરે છે તે અંતરકરણ કર્યા પછી સૌ પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે.

૧૨૬. ઉપશમાવવાની અને બીજી પ્રકૃતિમાં નપુંસક વેદના દલિકો નાંખવાની પ્રક્રિયા કયા પ્રકારની હોય ?

ઉ. પહેલા સમયે સૌથી થોડું ઉપશમાવે, તેનાથી બીજા સમયે અસંખ્યગુણ દલિક ઉપશમાવે, તેનાથી ત્રીજા સમયે અસંખ્યગુણ દલિક ઉપશમાવે, તેનાથી ચોથા સમયે અસંખ્યગુણ દલિક ઉપશમાવે એમ ક્રમસર જાણવું. તેમજ ઉપશમ થતાં દલિકોની અપેક્ષાએ અસંખ્યગુણ અસંખ્યગુણ દલિક ધ્વિચરમ સમય સુધી પર પ્રકૃતિમાં નાખે છે.

૧૨૭. ઉપશમાવવાની છેલ્લા સમયની પ્રકૃતિઓમાં શું વિશેષ હોય ?

ઉ. છેલ્લે સમયે પરપ્રકૃતિમાં સંક્રમણ થતાં દલિકોની અપેક્ષાએ ઉપશમ પામતું દલિક સંખ્યાતગુણ અધિક હોય છે એ વિશેષ સમજવું.

૧૨૮. ઉપશમાવવાની પ્રક્રિયાનું તાત્પર્યાર્થ શું જાણવુ ?

ઉ. ધ્વિચરમ સમય સુધી જે દલિકો ઉપશમ પામે છે તેના કરતાં અસંખ્ય ગુણ અધિક દલિકો પરપ્રકૃતિમાં પડે છે. છેલ્લા સમયે પરપ્રકૃતિમાં જેટલા દલિકોનું સંક્રમણ થાય છે તેના કરતાં સંખ્યાત ગુણ અધિક દલિકો ઉપશમ પામે છે. આ રીતે નપુંસક વેદનો ઉપશમ થાય છે.

૧૨૯. નપુંસકવેદની ઉપશમના બાદ કઈ પ્રકૃતિની ઉપશમનાની શરૂઆત

કરે ?

ઉ. સ્ત્રીવેદને ઉપશમાવવાની શરૂઆત કરે છે.

૧૩૦. સ્ત્રીવેદની ઉપશમના કઈ રીતે થાય ?

ઉ. પહેલા સમયે સ્ત્રીવેદના દલિકો સૌથી થોડા ઉપશમાવે, તેનાથી બીજા સમયે સ્ત્રીવેદના દલિક અસંખ્યગુણ ઉપશમાવે, તેનાથી ત્રીજા સમયે સ્ત્રીવેદના દલિક અસંખ્યગુણ ઉપશમાવે, તેનાથી ચોથા સમયે સ્ત્રીવેદના દલિક અસંખ્યગુણ ઉપશમાવે છે. એમ ધ્વિચરમ સમય સુધી જાણવું.

૧૩૧. ઉપશમ થતાં દલિક કરતાં પરપ્રકૃતિમાં કેટલા કેટલા નાખે ?

ઉ. ધ્વિચરમ સમય સુધી ઉપશમ થતાં દલિકોની અપેક્ષાએ અસંખ્યગુણ અસંખ્યગુણ દલિક ધ્વિચરમ સમય સુધી પરપ્રકૃતિમાં નાંખે છે.

૧૩૨. છેલ્લા સમયમાં ઉપશમ આદિમાં શું વિશેષ છે ?

ઉ. છેલ્લા સમયે પરપ્રકૃતિઓમાં સંક્રમણ થતાં સ્ત્રીવેદના દલિકની અપેક્ષાએ ઉપશમ પામતું દલિક સંખ્યાતગુણ અધિક હોય છે. તે વિશેષતા જાણવી.

૧૩૩. સ્ત્રીવેદના દલિકોના ઉપશમ આદિ દલિકોનું તાત્પયાર્થ શું ?

ઉ. સ્ત્રીવેદની ઉપશમન ક્રિયાનું તાત્પયાર્થ આ પ્રમાણે, ધ્વિચરમ સમય સુધી જે દલિકો ઉપશમ પામે છે. તેના કરતાં અસંખ્યગુણ દલિકો પરપ્રકૃતિમાં નાંખે છે. જ્યારે છેલ્લા સમયે પરપ્રકૃતિમાં જેટલા દલિકોનું સંક્રમણ થાય છે તેના કરતાં સંખ્યાત ગુણ અધિક દલિકો ઉપશમ પામે છે. આ રીતે સ્ત્રીવેદનો ઉપશમ થાય છે.

૧૩૪. સ્ત્રીવેદના ઉપશમ બાદ કઈ પ્રકૃતિઓનો ઉપશમ કરવા પ્રયત્ન કરે ? કેટલી ?

ઉ. સ્ત્રીવેદના ઉપશમ બાદ હાસ્યાદિ-૬ (હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા) પ્રકૃતિઓને ઉપશમાવવા માટે જીવ પ્રયત્ન કરે છે.

૧૩૫. હાસ્યાદિ છનાં દલિકોનો ઉપશમ કઈ રીતે હોય ?

ઉ. ધ્વિચરમ સમય સુધી નીચે પ્રમાણેના ક્રમ મુજબ દલિક ઉપશમે છે. પહેલા સમયે હાસ્યાદિ-છનાં દલિકો સૌથી થોડા ઉપશમે, તેનાથી

બીજા સમયે હાસ્યાદિ-છનાં દલિકો અસંખ્યગુણ ઉપશમે, તેનાથી ત્રીજા સમયે હાસ્યાદિ-છનાં દલિકો અસંખ્યગુણ ઉપશમે, તેનાથી ચોથા સમયે હાસ્યાદિ-છનાં દલિકો અસંખ્યગુણ ઉપશમે છે. આ રીતે ધ્વિચરમ સમય સુધી જાણવું

૧૩૬. હાસ્યાદિ છનાં દલિકો પરપ્રકૃતિમાં કેટલા કેટલા નાંખે ?

ઉ. ઉપશમ થતા દલિકોની અપેક્ષાએ અસંખ્યગુણ અસંખ્યગુણ દલિકો ધ્વિચરમ સમય સુધી પરપ્રકૃતિમાં (બીજી પ્રકૃતિમાં) નાંખે છે.

૧૩૭. હાસ્યાદિ છ છેલ્લા સમયે ઉપશમ તથા પરપ્રકૃતિમાં પ્રક્ષેપ કઈ રીતે હોય ?

ઉ. છેલ્લા સમયે હાસ્યાદિ છનાં દલિકોનો જે પરપ્રકૃતિમાં સંક્રમ થાય તેની અપેક્ષાએ ઉપશમ પામતું દલિક સંખ્યાત ગુણ અધિક હોય છે.

૧૩૮. ઉપશમ તથા સંક્રમણ હાસ્યાદિ છનાં દલિકોનું તાત્પયાર્થ શું સમજવું ?

ઉ. ધ્વિચરમ સમય સુધી જે દલિકો ઉપશમાવે છે તેના કરતાં અસંખ્યગુણ અધિક દલિકો પરપ્રકૃતિમાં સંક્રમાવે છે. જ્યારે છેલ્લા સમયે પરપ્રકૃતિમાં જેટલા દલિકોનું સંક્રમ થાય છે તેના કરતાં સંખ્યાત ગુણ અધિક દલિકો ઉપશમ પામે છે.

૧૩૯. આ રીતે અનિવૃત્તિકરણ ગુણઠાણે કુલ કેટલી પ્રકૃતિનો ઉપશમ થયેલો હોય ?

ઉ. ૧૫ પ્રકૃતિઓ જાણવી દર્શનત્રિક, અનંતાનુબંધિ-૪ કષાય, હાસ્યાદિ-૬, સ્ત્રીવેદ, નપુંસકવેદ.

૧૪૦. આ પંદરનો ઉપશમ થયે શું પ્રક્રિયા થાય ?

ઉ. પંદરના ઉપશમ વખતે એટલે હાસ્યાદિ-૬ના ઉપશમ થયે એજ વખતે પુરૂષ વેદનો બંધ ઉદય અને ઉદીરણા વિચ્છેદ થાય છે. તથા તેની પહેલી સ્થિતિનો પણ ઘણો ખરો ભાગ વિચ્છેદ પામે છે.

૧૪૧. પુરૂષવેદની પહેલી સ્થિતિની બે આવલિકા કાળ બાકી રહે ત્યારે શું વિચ્છેદ પામે ?

ઉ. બે આવલિકા કાળ બાકી રહે એટલે આગાલ વિચ્છેદ થાય છે.

૧૪૨. આગાલ વિચ્છેદ થતાં હાસ્યાદિ-છનું દલિક શેમાં નાંખે ?

ઉ. આગાલ વિચ્છેદ થતાં હાસ્યાદિ-છનું દલિક પુરૂષવેદમાં નાંખે નહિ પણ સંજ્વલન ક્રોધાદિને વિષે નાખે છે.

૧૪૩. હાસ્યાદિ-છનાં ઉપશમ પછી પુરૂષવેદની ઉપશમના કયારે થાય ?

ઉ. હાસ્યાદિ-છ ઉપશમાવ્યા પછી એક સમય ન્યૂન બે આવલિકા કાળે પુરૂષવેદ સંપૂર્ણ ઉપશમાવે છે.

૧૪૪. પુરૂષવેદનો ઉપશમ કઈ રીતે થાય ?

ઉ. પહેલા સમયે પુરૂષવેદના દલિક થોડા ઉપશમે, તેનાથી બીજા સમયે પુરૂષવેદના દલિક અસંખ્યગુણ ઉપશમે, તેનાથી ત્રીજા સમયે પુરૂષવેદના દલિક અસંખ્ય ગુણ ઉપશમે એમ બે આવલિકાના છેલ્લા સમય સુધી ઉપશમાવે છે.

૧૪૫. પુરૂષવેદનું દલિક બીજી પ્રકૃતિમાં સંક્રમ કેટલા કાળ સુધી કયા સંક્રમથી હોય ?

ઉ. બે સમય ન્યૂન બેઆવલિકા સુધી યથાપ્રવૃત્ત સંક્રમ વડે બીજી પ્રકૃતિને વિષે દલિકોનો સંક્રમ કરે છે.

૧૪૬. યથાપ્રવૃત્ત સંક્રમમાં કઈ રીતે સંક્રમાવે ?

ઉ. પહેલા સમયે ઘણું સંક્રમાવે, તેનાથી બીજા સમયે વિશેષહીન સંક્રમાવે, તેનાથી ત્રીજા સમયે વિશેષહીન સંક્રમાવે, તેનાથી ચોથા સમયે વિશેષહીન સંક્રમાવે છે એમ બે આવલિકાના છેલ્લા સમય સુધી સંક્રમ થતું જાણવું

૧૪૭. આ ક્રમથી પુરૂષવેદ ઉપશમ પામે ત્યારે કેટલી પ્રકૃતિનો ઉપશમ ગણાય ?

ઉ. પુરૂષવેદનો ઉપશમ થાય ત્યારે ૧૬ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી જાણવી. (દર્શન મોહનીય-૩, અનંતાનુબંધિ-૪ કષાય, હાસ્યાદિ-૬, ૩ વેદ)

૧૪૮. હાસ્યાદિ-છનો ઉપશમ થતાં શું કાર્ય થાય ?

ઉ. હાસ્યાદિ-છનો ઉપશમ થાય તે સમયે પુરૂષવેદની પહેલી સ્થિતિ ક્ષીણ થયેલી હોય છે ત્યાર પછી અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન ત્રણ પ્રકારના ક્રોધને ઉપશમાવવા માટેની શરૂઆત કરે છે.

૧૪૯. સંજ્વલન ક્રોધનો કેટલો કાળ બાકી રહેતા શું કાર્ય થાય ?

ઉ. સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા બાકી રહે

ત્યારે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય ક્રોધનું દલિક સંજ્વલન ક્રોધમાં ન નાંખતા સંજ્વલન માન આદિ કષાયમાં નાંખે છે.

૧૫૦. સંજ્વલન ક્રોધની બે આવલિકા કાળ બાકી રહેતા શું વિચ્છેદ થાય ?

ઉ. બે આવલિકા કાળ બાકી રહે આગાલ વિચ્છેદ થાય છે.

૧૫૧. સંજ્વલન ક્રોધની એક આવલિકા બાકી રહે ત્યારે શું કાર્ય થાય ?

ઉ. એક આવલિકા કાળ બાકી રહે ત્યારે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે અને તેજ વખતે અપ્રત્યાખ્યાનીય ક્રોધ તથા પ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉપશમ થાય છે.

૧૫૨. અપ્રત્યાખ્યાનાદિ બેનો ઉપશમ થતાં કેટલી પ્રકૃતિનો ઉપશમ ગણાય ?

ઉ. ૧૮ પ્રકૃતિનો ઉપશમ થયેલો હોય છે દર્શન મોહનીય-૩, અનંતાનુબંધિ-૪, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ-૬, પુરૂષવેદ, અપ્રત્યાખ્યાનીય ક્રોધ તથા પ્રત્યાખ્યાનીય ક્રોધ.

૧૫૩. અપ્રત્યાખ્યાનાદિ બે ક્રોધનો ઉપશમ થાય ત્યારે સંજ્વલન ક્રોધનું કેટલું દલિક ઉપશમ પામેલું હોય ? તથા બાકી હોય ?

ઉ. અપ્રત્યાખ્યાનાદિ બે નો ઉપશમ તથા સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિની એક આવલીકા અને સમય ન્યૂન બે આવલિકા કાળે બાંધેલ ઉપરની સ્થિતિનું દલીક વર્જી બાકીનું બધુ એટલે સઘળું ઉપશમ થયેલું હોય છે.

૧૫૪. ત્યારબાદ પહેલી સ્થિતિમાં રહેલ દલિક શી રીતે શેમાં નાંખે ?

ઉ. પ્રથમ સ્થિતિમાં રહેલ એક આવલિકા દલિકને સ્તિબુક સંક્રમવડે સંજ્વલન માનને વિષે નાંખે છે.

૧૫૫. સમય ન્યૂન બે આવલિકાના દલિકનું શું કાર્ય થાય ?

ઉ. તે દલિકોને પુરૂષવેદની જેમ ઉપશમાવે છે જેમકે પહેલા સમયે થોડું, બીજા સમયે અસંખ્ય ગુણ અધિક એમ સમય ન્યૂન બેઆવલિકા સુધી જાણવું.

૧૫૬. સંજ્વલન ક્રોધ નું દલિક પરપ્રકૃતિમાં શી રીતે સંક્રમાવે ?

ઉ. યથાપ્રવૃત્ત સંક્રમવડે પર પ્રકૃતિમાં દલિકોને સંક્રમાવે છે તે આ રીતે પહેલા સમયે ઘણું સંક્રમાવે, બીજા સમયે વિશેષહીન સંક્રમાવે, બે આવલિકાના છેલ્લા સમય સુધી જાણવું

૧૫૭. સંજ્વલન ક્રોધ ઉપશાંત કયારે થાય ?

ઉ. સમય ન્યૂન બે આવલિકા કાળે સંજ્વલન ક્રોધ ઉપશમ પામે છે.

૧૫૮. સંજ્વલન ક્રોધનો ઉપશમ થતાં કેટલી પ્રકૃતિ ઉપશમ ગણાય ?

ઉ. ૧૯, પ્રકૃતિઓ ઉપશમિત ગણાય છે. (દર્શન મોહનીય-૩, અનંતા-૪, નપુસંકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ-૬, પુરૂષવેદ, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય ક્રોધ અને સંજ્વલન ક્રોધ)

૧૫૯. સંજ્વલન ક્રોધનો બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય ત્યારે શું કાર્ય થાય ?

ઉ. બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય તે પછી સંજ્વલન માનની બીજી સ્થિતિ સંબંધી દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે છે અને વેદે છે.

૧૬૦. સંજ્વલન માનની પ્રથમ સ્થિતિનું વેદન કઈ રીતે હોય ?

ઉ. પહેલા સમયે વેદન થોડું હોય, તેનાથી બીજા સમયે વેદન અસંખ્યગુણ હોય, તેનાથી ત્રીજા સમયે વેદન અસંખ્યગુણ હોય એમ ક્રમસર અસંખ્યગુણ અસંખ્યગુણ પ્રથમ સ્થિતિના છેલ્લા સમય સુધી નાંખે છે.

૧૬૧. અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માનની ઉપશમના કયારથી થાય ?

ઉ. પહેલી સ્થિતિના પહેલા સમયથી જ અપ્રત્યાખ્યાનીય માનના દલિકને ઉપશમાવવા માંડે છે.

૧૬૨. સંજ્વલનમાન નો કેટલો કાળ બાકી રહે ત્યારે કયા દલિકો શેમાં ન નાખે ? અને શેમાં નાખે ?

ઉ. સંજ્વલન માનની પ્રથમ સ્થિતિની સમય ન્યૂન ૩ આવલિકા બાકી રહે ત્યારે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માનનુ દલિક સંજવલન માનમાં ન નાંખે પણ સંજવલન માયાદિમાં નાંખે છે.

૧૬૩. સંજ્વલન માનની બે આવલિકા કાળ બાકી રહે ત્યારે શું કાર્ય થાય ?

ઉ. આગાલ વિચ્છેદ થાય છે.

૧૬૪. સંજ્વલન માનની એક આવલિકા બાકી રહે ત્યારે શું કાર્ય થાય ?

ઉ. સંજ્વલન માનનો બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે અને તે વખતે જ અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ થાય છે. તથા તે વખતે સંજ્વલન માનની પ્રથમ સ્થિતિની એક આવલિકા ને સમય

ન્યૂન બે આવલિકાનું બાંધેલ ઉપરની સ્થિતિનું દલિક વર્જીને બાકીનું સંઘળું ઉપશાંત થાય છે.

૧૬૫. પ્રથમ સ્થિતિના દલિકને શેમાં નાંખે છે ? શેના ધ્વારા ?

ઉ. પ્રથમ સ્તિથિગત એક આવલિકાના દલિકને સ્તિબુક સંક્રમવડે સંજ્વલન માયામાં નાંખે છે.

૧૬૬. સમય ન્યૂન બે આવલિકાના દલિક ને શી રીતે ઉપશમાવે ?

ઉ. પુરૂષવેદની જેમ ઉપશમાવે છે જેમ કે પહેલા સમયે થોડું ઉપશમાવે, તેનાથી બીજા સમયે અસંખ્યગુણ ઉપશમાવે, તેનાથી ત્રીજા સમયે અસંખ્યગુણ ઉપશમાવે એમ સમય ન્યૂન બે આવલિકા કાળ સુબી જાણવુ

૧૬૭. સમય ન્યૂન બે આવલિકાનું દલિક કેવી રીતે સંક્રમાવે ?

ઉ. પુરૂષ વેદની જેમ યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવે છે જેમ કે પહેલા સમયે થોડું સંક્રમાવે, તેનાથી બીજા સમયે વિશેષહીન સંક્રમાવે, તેનાથી ત્રીજા સમયે વિશેષહીન સંક્રમાવે છે એમ ક્રમસર સમય ન્યૂન બે આવલિકા સુધી જાણવું.

૧૬૮. ઉપશમ, સંક્રમ થતાં સંજ્વલન માનનું શું કાર્ય થાય ?

ઉ. ત્યાર પછી સમયન્યૂન બે આવલિકા કાળે સંજ્વલન માન ઉપશાંત થાય છે અર્થાત ઉપશમ પામે છે.

૧૬૯. સંજવલનમાનનું શું વિચ્છેદ થતાં કઈ પ્રકૃતિનું શું કાર્ય થાય ?

ઉ. સંજ્વલન માનના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય ત્યારે સંજવલન માયામાંથી બીજી સ્થિતિમાંથી દલિકોને ખેંચી પ્રથમ સ્થિતિવાળુ કરીને વેદે છે તે સમયથી અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય અને સંજવલન માયા આ ત્રણેયનાં દલિકોને ઉપશમાવવાની શરૂઆત કરે છે.

૧૭૦. સંજ્વલન માયાનો કેટલો કાળ બાકી રહે શું કાર્ય થાય ?

ઉ. સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા કાળ બાકી રહે છતે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માયાનું દલિક સંજ્વલન માયામાં નાંખતા નથી પણ સંજ્વલન લોભમાં નાંખે છે.

૧૭૧. સંજ્વલન માયાનો કેટલો કાળ બાકી રહે શું વિચ્છેદ થાય ?

ઉ. સજ્વલન માયાની બે આવલિકા કાળ બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે.

૧૭૨. સંજ્વલન માયાનો કેટલો કાળ બાકી રહે શું કાર્ય થાય ?

ઉ. એક આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન માયાનો બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે.

૧૭૩. સંજ્વલન માયાનો બંધાદિ વિચ્છેદ થતાં શું કાર્ય થાય ?

ઉ. તેજ સમયે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માયા એટલે આ બન્ને પ્રકૃતિઓ ઉપશમ પામે છે.

૧૭૪. અપ્રત્યાખ્યાનાદિ માયાનો ઉપશમ થતાં શું કાર્ય થાય ?

ઉ. ઉપશાંત થતાં સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ ગત એક આવલિકા અને સમય ન્યૂન બે આવલિકાએ  બાંધેલ બીજી સ્થિતિગત દલિક છોડીને બાકીનું સર્વ ઉપશાંત થાય છે.

૧૭૫. સંજ્વલન માયાના પ્રથમ સ્થિતિગત દલિકને શી રીતે સંક્રમાવે ?

ઉ. પ્રથમ સ્થિતિગત એક આવલિકાના દલિકને સ્તિબુક સંક્રમવડે સંજ્વલન લોભમાં (પર પ્રકૃતિમાં) નાંખે છે.

૧૭૬. સંજ્વલન માયાના બે આવલિકામાં બાંધેલ દલિકને શી રીતે ઉપશમાવે છે ?

ઉ. સમય ન્યૂન બે આવલિકામાં રહેલ દલિકને યથાપ્રવૃત્ત સંક્રમ વડે ઉપશમાવે છે. અર્થાત પુરૂષવેદની જેમ ઉપશમાવે છે તે આ રીતે. પહેલા સમયે થોડું ઉપશમાવે, તેનાથી બીજા સમયે અસંખ્યગુણ ઉપશમાવે, તેનાથી ત્રીજા સમયે અસંખ્યગુણ ઉપશમાવે છે એમ ક્રમસર સમય ન્યૂન બે આવલિકા સુધી જાણવું.

૧૭૭. સંજવલન માયાના સમય ન્યૂન બે આવલિકાના દલિકોને કઈ રીતે સંક્રમાવે ?

ઉ. તે આ રીતે, પહેલા સમયે ઘણું સંક્રમાવે, તેનાથી બીજા સમયે વિશેષહીન સંક્રમાવે તેનાથી ત્રીજા સમયે વિશેષહીન સંક્રમાવે છે એમ ક્રમસર સમયન્યૂન બે આવલિકા સુધી જાણવું.

૧૭૮. સંજ્વલન માયાનો ઉપશમ કયારે થાય ?

ઉ. આ રીતે કરતા કરતા સમય ન્યૂન બે આવલિકા કાલે સંજ્વલન માયાનો ઉપશમ થાય છે.

૧૭૯. સંજ્વલન માયાના બંધાદિ વિચ્છેદથી શું કાર્ય થાય ?

ઉ. સંજ્વલન માયાનો બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદથી સંજ્વલન લોભની બીજી સ્થિતિમાં દલિક આકર્ષીને લોભ વેદક અધ્ધા ૨/૩ ભાગ પ્રમાણ પ્રથમ સ્થિતિ પૂર્વોક્ત પ્રકારે કરે અને તેનું રૂંધન કરે અને વેદે છે.

૧૮૦. લાભવેદક અધ્ધા કોને કહેવાય ?

ઉ. લોભના દલિકોને વેદવાના એટલે ભોગવવાના કાળને લોભવેદક અધ્ધા કહેવાય છે.

૧૮૧. બે તૃતીયાંશ સ્થિતિના કેટલા ભાગ થાય ? કયા કયા ?

ઉ. તેના બે ભાગ થાય છે આ પ્રમાણે. પ્રથમ સ્થિતિઘાત ૧/૩નું નામ અશ્વકરણ અધ્ધા કહેવાય, બીજા સ્થિતિઘાત ૧/૩નું નામ કિટ્ટી કરણ અધ્ધા કહેવાય છે.

## અશ્વકરણ અધ્ધાનું વર્ણન

૧૮૨. પ્રથમ ત્રણ ભાગમાં રહીને જીવો શું કાર્ય કરે ?

ઉ. અશ્વકરણ અધ્ધા નામે પ્રથમ ભાગે વર્તતા જીવ પૂર્વ પૂર્વ સ્પર્ધક થકી દલિકોને લઈને અપૂર્વ સ્પર્ધકો કરે છે.

૧૮૩. જીવ કર્મ પણે કયા સ્કંધોને ગ્રહણ કરે ?

ઉ. અનંતાનંત પરમાણુઓથી બનેલા કાર્મણવર્ગણાના સ્કંધોને જીવ કર્મપણે ગ્રહણ કરે છે.

૧૮૪. વર્ગણા કોને કહેવાય ?

ઉ. તે એક એક સ્કંધમાં જે સર્વથી જઘન્ય રસ કેવલીની બુધ્ધિથી છેદાતા નથી તે સર્વજીવ થકી અનંતગુણ રસના અણુઓને તેવા જઘન્ય રસવાળા કેટલાક પરમાણુઓનો સમુદાય તેને વર્ગણા કહેવાય છે.

૧૮૫. બીજી વર્ગણા કોને કહેવાય ?

ઉ. જઘન્ય રસવાળા પરમાણુઓનાં સમુદાય કરતાં એક રસાણુ અધિક પરમાણુઓનો જે સમુદાય તે બીજી વર્ગણા કહેવાય.

૧૮૬. ત્રીજી વર્ગણા કોને કહેવાય ?

ઉ. તેના કરતાં એક રસાણુ અધિક પરમાણુઓનો જે સમુદાય તે ત્રીજી વર્ગણા કહેવાય છે.

૧૮૭. આવી વર્ગણાઓ કેટલી હોય ?

ઉ. આવી રીતે એક એક રસાણુ અધિક પરમાણુઓનાં સમુદાયવાળી વર્ગણાઓ અભવ્યથી અનંતગુણ અને સિધ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ થાય છે માટે અનંતી.

૧૮૮. સ્પર્ધક કોને કહેવાય ?

ઉ. અભવ્યથી અનંતગુણ અને સિધ્ધથી અનંતમા ભાગ જેટલી વર્ગણાઓનો જે સમુદાય થાય તેને સ્પર્ધક કહેવાય છે.

૧૮૯. બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા કઈ રીતે થાય ?

ઉ. પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણાના રસાણુઓ કરતા આગળ ઉત્તરોત્તર એક રસાણુઓવાળા પરમાણુઓ ન હોવાથી તે રીતે વર્ગણા બનતી નથી. પરંતુ સર્વજીવ કરતાં અનંતગુણ રસાણુઓવાળા પરમાણુઓ હોય છે તેવા રસવાળા પરમાણુઓનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા કહેવાય છે.

૧૯૦. આ રીતે બીજા સ્પર્ધકની વર્ગણાઓ કેટલી હોય ?

ઉ. એક એક રસાણુઓ અધિકવાળી વર્ગણાઓ અભવ્યથી અનંતગુણ અને સિધ્ધના અનંતમા ભાગ જેટલી હોય છે.

૧૯૧. આવા રસસ્પર્ધકો કેટલા હોય ?

ઉ. આવા અનંતી અનંતી વર્ગણાના સમુદાય રૂપ અનંતા સ્પર્ધકો હોય છે. તે પણ અભવ્યથી અનંતગુણ અને સિધ્ધથી અનંતમા ભાગ જેટલા ગણાય છે.

૧૯૨. આવા સ્પર્ધકો જીવે કેટલા ગ્રહણ કર્યા છે ? તેને શું કહેવાય ?

ઉ. આવા સ્પર્ધકો જીવે અનંતા ગ્રહણ કરેલા માટે તેને પૂર્વ સ્પર્ધકો કહેવાય છે.

૧૯૩. પૂર્વ સ્પર્ધકોમાંથી શું કાર્ય કરે ?

ઉ. આ પૂર્વ સ્પર્ધકો મધ્યેથી સમયે સમયે દલિકો ગ્રહણ કરી અને અત્યંત

રસહીન કરી કરીને અપૂર્વ સ્પર્ધકો કરે છે આ અશ્વકરણ અધ્ધા (કાળ) કહેવાય છે.

## કિટ્ટીકરણ અધ્ધાનું વર્ણન

૧૯૪. કિટ્ટીકરણ અધ્ધામાં જીવ કયારે પ્રવેશ કરે ?

ઉ. અશ્વકરણ અધ્ધાનો કાળ પૂર્ણ થયે જીવ કિટ્ટીકરણ અધ્ધામાં પ્રવેશ કરે છે.

૧૯૫. કિટ્ટીકરણ અધ્ધા કોને કહેવાય ? શું કાર્ય જીવો કરે ?

ઉ. આ કિટ્ટીકરણ અધ્ધાના કાળમાં પૂર્વસ્પર્ધક અને અપૂર્વ સ્પર્ધક થકી દલિક ગ્રહણ કરીને સમયે સમયે અનંતકિટ્ટી એટલે પૂર્વ સ્પર્ધક અને અપૂર્વ સ્પર્ધક થકી વર્ગણાઓ ગ્રહણ કરીને તેને અનંત ગુણ હીનતા પમાડી મોટા મોટા અંતરે સ્થાપના કરવી તે કિટ્ટીકરણ અધ્ધા કહેવાય છે.

૧૯૬. કિટ્ટીકરણ અધ્ધાના છેલ્લા સમયે શું કાર્ય થાય ?

ઉ. અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય લોભ સમકાળે ઉપશાંત થાય છે તેજ સમયે સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ થાય છે.

૧૯૭. કિટ્ટીકરણ અધ્ધાના છેલ્લા સમયે બીજું શું કાર્ય થાય ?

ઉ. તેજ વખતે બાદર સંજ્વલન લોભનો ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે તેજ વખતે નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનકના કાળનો પણ વિચ્છેદ થાય છે.

૧૯૮. નવમા ગુણસ્થાનકના અંતે કેટલી પ્રકૃતિઓ ઉપશમ થયેલી હોય ?

ઉ. ૨૭ પ્રકૃતિઓનો ઉપશમ થયેલો હોય છે.

૧૯૯. સત્તાવીશના ઉપશમ બાદ કયા ગુણસ્થાનકને જીવ પ્રાપ્ત કરે ?

ઉ. દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકમાં જીવ પ્રવેશ કરે છે.

૨૦૦. દશમા ગુણસ્થાનકમાં શું કાર્ય કરે ?

ઉ. ઉપલી સ્થિતિના દલિકોની કેટલીક કિટ્ટીઓ ખેંચી ખેંચીને તેની પ્રથમ સ્થિતિ સૂક્ષ્મ સંપરાયના કાળ જેટલી કરી કરીને વેદે છે.

૨૦૧. કયા દલિકોને ઉપશમાવે ?

ઉ. સમયન્યૂન બે આવલિકામાં બાંધેલ દલિકને ઉપશમાવે છે.

૨૦૨. સૂક્ષ્મ સંપરાયના છેલ્લા સમયે શું કાર્ય થાય ?

ઉ. સંજ્વલન લોભ સર્વથા ઉપશમ પામે છે અને તેજ સમયે ૧૬, પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, ઉચ્ચગોત્ર, યશનામકર્મ

૨૦૩. બંધ વિચ્છેદ બાદ જીવ કયા ગુણઠાણાને પ્રાપ્ત કરે ? તેનો કાળ કેટલો હોય ?

ઉ. અગ્યારમા ઉપશાંત મોહ વીતરાગ ગુણસ્થાનકને પામે છે તેનો કાળ જઘન્ય, ૧-સમય ઉત્કૃષ્ટ અને અંતર્મુહૂર્ત હોય છે.

૨૦૪. અગ્યારમા ગુણસ્થાનકે જીવની સ્થિતિ કેવી હોય ?

ઉ. મોહનીય કર્મનો સર્વથા અનુદય હોવાથી વીતરાગ દશા ગણાય છે અને ૨૮ પ્રકૃતિઓનો સર્વથા ઉપશમ હોય છે.

૨૦૫. અગ્યારમા ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થતાં જીવોની શું સ્થિતિ થાય છે ?

ઉ. કાળપૂર્ણ થતાં આયુષ્ય પૂર્ણ થાય એટલે ભવ ક્ષયે અથવા અધ્ધા એટલે કાળ ક્ષયે (જે રીતે ચઢયો છે તે રીતે) અવશ્ય પડે છે.

૨૦૬. ભવ ક્ષયે પડનાર જીવ મરીને કયાં જાય ? ત્યાં ગુણઠાણું કેટલામું હોય ?

ઉ. ભવ ક્ષયે પડનાર જીવ મરીને નિયમા વૈમાનિક દેવ લોકમાં ઉત્પન્ન થાય છે ત્યાં જીવોને નિયમા ચોથું ગુણસ્થાનક હોય છે.

૨૦૭. વૈમાનિક દેવલોકમાં શાથી ?

ઉ. ઉપશમશ્રેણી ત્રણ સંઘયણવાળા જીવો પ્રાપ્ત કરતાં હોવાથી પહેલા સંઘયણવાળા જીવો કાળ કરે તો નિયમા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે અને તે સિવાયના બે સંઘયણવાળા જીવો કાળ કરે તો વૈમાનિકમાં ઉત્પન્ન થાય.

૨૦૮. અનુત્તરમાં જવા માટે કયું સંઘયણ જોઈએ ?

ઉ. અનુત્તરમાં ઉત્પન્ન થવા માટે નિયમા પહેલું સંઘયણ જોઈએ.

૨૦૯. અધ્ધા ક્ષયે પડનાર જીવ કઈ રીતે પડતો પડતો કયાં અટકે ?

ઉ. જે ક્રમે પ્રકૃતિઓને ઉપશમાવતો ઉપશમાવતો ચઢયો છે તેજ ક્રમે નીચે ઉતરતો ઉતરતો પ્રકૃતિઓનાં ઉદય વાળો થાય છે તેમાં કોઈ જીવ છઠ્ઠે

અટકે, કોઈ પાંચમે અટકે, કઈ ચોથે અટકે, કોઈ બીજે ગુણઠાણે થઈ પહેલા ગુણસ્થાનકને પણ પામે છે.

૨૧૦. ઉત્કૃષ્ટથી એક ભવમાં કેટલી વાર શ્રેણી પ્રાપ્ત થાય ?

ઉ. એક ભવમાં જીવ બે વાર ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરી શકે છે અથવા એક વાર ઉપશમશ્રેણી પ્રાપ્ત કર્યા બાદ બીજી વાર ક્ષપકશ્રેણી પણ તે ભવમાં પ્રાપ્ત કરી શકે છે.

૨૧૧. બે વાર શ્રેણી કયા આચાર્યોનાં મતે હોય ? કોના મતે ન હોય ?

ઉ. કાર્મગ્રંથિક મતને માનનારા આચાર્યોના મતે બે વાર શ્રેણી પ્રાપ્ત કરી શકે એમ જાણવું. સિધ્ધાંતને માનનારા આચાર્યોને મતે એક ભવમાં બન્નેમાંથી કોઈપણ એક જ શ્રેણી પ્રાપ્ત કરી શકે એમ માને છે.

૨૧૨. આખા ભવ ચક્રમાં ઉપશમ શ્રેણી કેટલી વાર પ્રાપ્ત થાય ?

ઉ. આખા ભવ ચક્રમાં એટલે જીવ મોક્ષે ન જાય ત્યાં સુધીમાં ચાર વાર ઉત્કૃષ્ટ થી ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરી શકે છે.

## ઉપશમ શ્રેણી વર્ણન સમાપ્ત

### ક્ષપક શ્રેણી સ્વરૂપ વર્ણન

પઢમ કસાય ચઉક્કં
ઈત્તો મિચ્છત્ત મીસ સમ્મત્તં ।
અવિરય સમ્મે દેસે
પમત્તિ અપમત્તિ ખી અંતિ ॥૭૮॥

અનિયટ્ટિ બાયરે થીણ
ગિધ્ધિતિગ નિરય તિરિઅ નામાઓ ।
સંખિજજ ઈમે સેસે
તપ્પાઉગ્ગાઓ ખીઅંતિ ॥૭૮॥
ઈત્તો હણઈ કસાય
ઠ્ઠગંપિ પચ્છા નપુંસગંઈત્થી ।

તો નો કસાય છક્કં
છુહઈ સંજ્વલન કોહંમિ ॥૮૦॥
પુરિસં કોહે કોહં
માણે માણં ચ છુહઈ માયાએ ।
માયં ચ છુહઈ લોહે
લોહં સુહુમંપિ તો હણઈ ॥૮૧॥

ભાવાર્થ : પહેલા અનંતાનુબંધિ ૪-કષાય પછી મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વ મોહનીય એ સાતનો ચારથી સાત ગુણઠાણામાં ક્ષય થાય છે. ॥૭૮॥

નવમા ગુણસ્થાનકમાં સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે થીણધ્ધિત્રિક, નરકધ્વિકઆદિ ૧૩ પ્રકૃતિઓ ક્ષય પામે છે. ॥૭૯॥

ત્યાર બાદ ૮-કષાય-નપુંસકવેદ-સ્ત્રીવેદ-હાસ્યાદિ-૬, આ પ્રકૃતિઓને સંજ્વલન ક્રોધનેવિષે સંક્રમાવે છે ॥૮૦॥

પુરૂષવેદને સંજ્વલન ક્રોધમાં-ક્રોધને માનમાં માનને માયામાં અને માયાને સંજવલન લોભમાં સંક્રમાવે છે અને સંજ્વલન લોભને હણે છે ॥૮૧॥

ખીણ કસાય દુચરિમે
નિદ્દં પયલં ચ હણઈ છઉમત્થો ।
આવરણ મંતરાએ
છઉમત્થો ચરમ સમયંમિ ॥૮૨॥
દેવગઈ સહ ગયાઓ
દુચરમ સમય ભવિયંમિ ખીઅંતિ ।
સ વિવાગે અરનામા
નીઆ ગોઅંપિ તત્થેવ ॥૮૩॥
અન્નયર વેયણીઅં
મણુ આઉઅ મુચ્ચગોઅ નવ નામે ।
વેએઈ અજોગિ જીણો
ઉક્કોસ જહન્નમિક્કારા ॥૮૪॥

મણુઅ ગઈ જાઈ તસ બાયરં ચ
પજ્જત સુભગ માઈ જજં ।
જસકિત્તી તિત્થયરં
નામસ્સ હવંતિ નવ એઆ ॥૮૫॥

મતાંતર ગાથા ઓ....

તચ્ચાણુ પુવ્વિ સહિઆ
તેરસ ભવસિધ્ધિઅસ્સ ચરમંમિ ।
સંતં સગ મુક્કોસં
જહન્નયં બારસ હવંતિ ॥૮૬॥
મણુઅગઈ સહ ગયાઓ
ભવખિત્ત વિવાગ જિઅ વિવાગાઓ ।
વેઅણિ અન્નય રૂચ્ચં
ચરમ સમયંમિ ખીઅંતિ ॥૮૭॥
અહ સુઈ અ સયલ જગ સિહર
મરૂઅ નિરૂવમ સહાવ સિધ્ધિ સુહં ।
અનિહણ મવ્વા બાહં
તિરિયણ સારં અણુ હવંતિ ॥૮૮॥

ભાવાર્થ : બારમાના ઉપાન્ત્ય સમયે નિદ્રાધ્વિક ક્ષય કરે અને બારમાના અંત સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અને અંતરાય-૫ એ ૧૪ નો ક્ષય કરે છે ॥૮૨॥

ચૌદમાના ધ્વિચરમ સમયે દેવગતિ સાથે બંધ છે જેનો એવી દશ પ્રકૃતિ ક્ષય પામે તથા વિપાક રહિત નામ કર્મની પીસ્તાલીશ પ્રકૃતિ નીચ ગોત્ર અને વેદનીયની એક પ્રકૃતિ ક્ષય પામે છે ॥૮૩॥

બાકી રહેલ એક વેદનીય-મનુષ્ય આયુષ્ય-ઉચ્ચ ગોત્ર અને નામ કર્મની નવ પ્રકૃતિ અયોગી તીર્થંકર છેલ્લા સમયે ક્ષય કરે અને સામાન્ય કેવલી નામની આઠ પ્રકૃતિઓ ક્ષય કરે છે ॥૮૪॥

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત, સુભગ-આદેશ-યશ

અને જિનનામ નામની નવ પ્રકૃતિઓ હોય છે ॥૮૫॥

મતાંતરે મનુષ્યાનુપૂર્વી સહિત અયોગી ગુણસ્થાનકના છેલ્લા સમયે તેર પ્રકૃતિઓ સત્તામાં હોય છે તે ઉત્કૃષ્ટ થી જાણવું. જઘન્ય થી જિનનામ વિના ૧૨ પ્રકૃતિઓ જાણવી ॥૮૬॥

મનુષ્યગતિ સાથે ઉદય છે જેનો એવી ભવ વિપાકી-ક્ષેત્ર વિપાકી અને જીવવિપાકી એક વેદનીય-ઉચ્ચગોત્ર -ભવ્ય સિધ્ધિક જીવને છેલ્લે સમયે ક્ષય પામે છે ॥૮૭॥

કર્મક્ષય થયા પછી એકાંત શુધ્ધ સંપૂર્ણ સાંસારિક સુખના શિખર તુલ્ય, રોગ રહિત, ઉપમારહિત, નાશરહિત, બાધા રહિત, સ્વાભાવિક તથા ત્રણ રત્નના સારભૂત એવા મોક્ષના સુખને સિધ્ધિગતિમાં ગયેલા જીવો અનુભવે છે ॥૮૮॥

## ક્ષપકશ્રેણીનું સ્વરૂપ વર્ણન

૨૧૩. ક્ષપકશ્રેણી કેટલા પ્રકારે હોય ? કયા ?

ઉ. બે પ્રકારે છે. ૧. સંપૂર્ણ ક્ષપકશ્રેણી, ૨. ખંડ ક્ષપકશ્રેણી,

૨૧૪. સંપૂર્ણ ક્ષપકશ્રેણી કોને કહેવાય ?

ઉ. દર્શન મોહનીય. ચારિત્ર મોહનીયનો સંપૂર્ણ ક્ષય કરીને ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત કરીને કેવલજ્ઞાન પામી સિધ્ધિગતિમાં જાય તે સંપૂર્ણ ક્ષપકશ્રેણી કહેવાય છે.

૨૧૫. ખંડ ક્ષપકશ્રેણી કોને કહેવાય ?

ઉ. અનંતાનુબંધિ૪-કષાય તથા ત્રણ દર્શનમોહનીય એ સાત પ્રકૃતિઓનો ક્ષય કરીને એટલે દર્શન મોહનીયની સાત પ્રકૃતિનો ક્ષય કરીને અટકી જાય અને ચારિત્ર મોહનીય પ્રકૃતિનો ક્ષય ન કરે તે ખંડ ક્ષપકશ્રેણી કહેવાય છે.

૨૧૬. દર્શન સપ્તકનો ક્ષય કયા કયા ગુણઠાણે થાય ।?

ઉ. ચાર થી સાત ગુણસ્થાનકમાં વિદ્યમાન જીવો કરે છે.

૨૧૭. ચારિત્ર મોહનીયનો ક્ષય કયા કયા ગુણઠાણે થાય ?

ઉ. સાતમા ગુણસ્થાનકથી ક્ષય કરવા માટેની શરૂઆત કરતા નવમા દશમા

ગુણસ્થાનકમાં ક્ષય થાય છે.

૨૧૮. દર્શન સપ્તકનો ક્ષય કરનાર જીવો આગળ કયા કયા કારણોથી ન વધે ?

ઉ. બે કારણોથી આગળ વધતા નથી. ૧. દર્શન સપ્તકનો ક્ષય કર્યા પહેલા, પહેલા ગુણસ્થાનકે આયુષ્યનો બંધ કરેલ હોય તો તે આયુષ્ય બંધક કહેવાય. ૨. દર્શન સપ્તકનો ક્ષય કરતા પહેલા ક્ષયોપશમ સમકિતના કાળમાં જિનનામ કર્મની નિકાચના કરેલ હોય તેવા જીવો.

૨૧૯. જિનનામની નિકાચના વાળો શાથી અટકે છે ?

ઉ. જે ભવે જીવે જિનનામની નિકાચના કરેલ હોય તે પોતાના ત્રીજા ભવે મોક્ષે જઈ શકતા હોવાથી દર્શન સપ્તકનો ક્ષય કરી ક્ષાયિક સમકિત પામે તો પણ તે ભવે ચારિત્ર મોહનીય પ્રકૃતિઓનો ક્ષય કરી શકતા નથી.

૨૨૦. દર્શન સપ્તકનો ક્ષય કરવા માટે કેટલી વસ્તુઓ (પદાર્થો) અવશ્ય જોઈએ ?

ઉ. ચાર પદાર્થો અવશ્ય જોઈએ, ૧. મનુષ્યગતિ, ૨. જિનનો કાળ, એટલે કેવલી ભગવંતોનો કાળ, ૩. આઠ વર્ષની ઉપરની ઉમર અને પહેલું સંઘયણ અવશ્ય જોઈએ છે.

૨૨૧. ક્ષાયિક સમકિત જીવો કયાં કયાં પામે ? કઈ રીતે ?

ઉ. પ્રસ્થાપક એટલે આરંભની અપેક્ષાએ મનુષ્યગતિમાં થાય અને નિષ્ઠાપક એટલે પ્રકૃતિનો ક્ષય છેલ્લે ચારે ગતિમાંથી જ્યાં જવાનો હોય ત્યાં થાય એટલે નિષ્ઠાપક ચારે ગતિમાં ગણાય છે.

૨૨૨. મનુષ્ય-તિર્યંચાયુષ્ય કયું બાંધેલ હોય તો જીવો ક્ષાયિક સમકિત પામી શકે ?

ઉ. યુગલિક મનુષ્ય અને તિર્યંચનું એટલે અસંખ્યાત વર્ષનું આયુષ્ય બાંધેલ હોય તે જીવો ક્ષાયિક સમકિત પામી શકે છે.

૨૨૩. અનંતાનુબંધિ કષાયનો ક્ષય કયા જીવો કરે ?

ઉ. ચાર થી સાત ગુણસ્થાનકમાં રહેલા ક્ષયોપશમ સમકિતી જીવો, વિશુધ્ધ પરિણામવાળા જીવો, અનંતાનુબંધિ ચાર કષાયનો ક્ષય કરવા પ્રયત્ન કરે છે.

૨૨૪. અનંતાનુબંધિ ચાર કષાયના ક્ષય માટે શું શું પદાર્થો કરે ?

ઉ. ત્રણ પદાર્થો કરે છે, ૧. યથાપ્રવૃત્તકરણ, ૨. અપૂર્વકરણ, ૩. અનિવૃત્તિકરણ

૨૨૫. આ ત્રણ કરણોમાં શું પ્રવૃત્તિ કરે ? કોની જેમ ?

ઉ. અનંતાનુબંધિની વિસંયોજના (ક્ષપણા) ની જેમ અત્રે ત્રણે કરણોમાં અધ્યવસાયની વિશુધ્ધિ કરતાં કરતાં જીવો અનંતાનુબંધિ ચાર કષાયના દલિકોનો ક્ષય કરે છે.

## દર્શનત્રિક ક્ષપના (ક્ષય) વર્ણન

૨૨૬. મિથ્યાત્વ મોહનીયને ખપાવવા માટે જીવો કેટલા કરણ કરે ? કયા ?

ઉ. ત્રણ કરણો કરે છે. ૧. યથાપ્રવૃત્તકરણ, ૨. અપૂર્વકરણ, ૩. અનિવૃત્તિકરણ

૨૨૭. આ ત્રણ કરણોનું વર્ણન કઈ રીતે જાણવું ?

ઉ. પૂર્વ અનંતાનુબંધિની વિસંયોજના પ્રમાણે ત્રણ કરણોનું વર્ણન જાણવું

૨૨૮. અપૂર્વકરણ અધ્યવસાયમાં વિશેષમાં શું કાર્ય કરે ?

ઉ. વિશેષતા એ છે કે અપૂર્વ કરણના પહેલા સમયે અનુદિત મિથ્યાત્વ અને અનુદિત મિશ્ર મોહનીયનાં દલિકોને ઉદિત સમ્યક્ત્વ મોહનીયને વિષે ગુણ સંક્રમવડે નાંખે છે.

૨૨૯. મિથ્યાત્વ-મિશ્ર મોહનીયનો અપૂર્વકરણ અધ્યવસાયમાં જીવ સાથે સાથે શું કરે ?

ઉ. અપૂર્વકરણ અધ્યવસાયમાં તે વખતે મિથ્યાત્વ-મિશ્ર મોહનીયનો ઉદ્વલનાસંક્રમ પણ કરે છે.

૨૩૦. ઉદ્વલના સંક્રમ કોને કહેવાય ?

ઉ. પહેલા સ્થિતિખંડ મોટા ઉવેલે, બીજા સમયે બીજો સ્થિતિખંડ વિશેષહીન રૂપે ઉવેલે, તેનાથી ત્રીજા સમયે ત્રીજો સ્થિતખંડ વિશેષહીન રૂપે ઉવેલે એમ અપૂર્વ કરણના છેલ્લા સમય સુધી વિશેષહીન વિશેષહીન રૂપે ઉવેલના કરે છે.

૨૩૧. આ પ્રયત્ન વિશેષથી અપૂર્વ કરણમાં શું કાર્ય થાય ?

ઉ. અપૂર્વકરણના પહેલા સમયે જે સ્થિતિ સત્તાવાળો જીવ હતો તે તેના ચરમ સમયે સંખ્યાતગુણ હીન સ્થિતિ સત્તાવાળો થાય છે એ આ પ્રયત્નનું ફળ છે.

૨૩૨. અપૂર્વકરણ પૂર્ણ થતાં જીવ શું કરે ?

ઉ. અપૂર્વકરણનો કાળ પૂર્ણ થતાં જીવ અનિવૃત્તિકરણ નામના અધ્યવસાયમાં પ્રવેશ કરે છે.

૨૩૩. અનિવૃત્તિકરણમાં જીવો શું કરે ?

ઉ. અપૂર્વકરણની જેમ સ્થિતિઘાતાદિ કરે છે.

૨૩૪. અનિવૃત્તિકરણના પહેલા સમયે શું કાર્ય થાય ?

ઉ. અનિવૃત્તિકરણના પહેલા સમયે ત્રણેય દર્શન મોહનીય પ્રકૃતિઓની દેશોપશમના-નિધ્ધતિ અને નિકાચના વિચ્છેદ પામે છે.

૨૩૫. અનિવૃત્તિકરણમાં સ્થિતિઘાતાદિ કરતાં કરતાં કેટલા કરે ત્યારે કોના જેટલી સ્થિતિ સત્તા થાય ?

ઉ. અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી સ્થિતિઘાતાદિ દર્શનત્રિકની સ્થિતિનો ઘાત કરતાં કરતાં હજારો સ્થિતિ ખંડ થાય ત્યારે અસન્ની પંચેન્દ્રિય જીવના જેટલી સ્થિતિ સત્તાવાળો જીવ થાય છે.

૨૩૬. કેટલા સ્થિતિખંડ ગયે કોના જેટલી સ્થિતિવાળો થાય ?

ઉ. ત્યાર પછી હજારો પૃથક્ત્વ સ્થિતિખંડ ગયે છતે ચઉરીન્દ્રિય સમાન સ્થિતિવાળો જીવ થાય છે.

૨૩૭. કેટલા સ્થિતિખંડ ગયે કોના જેટલી સ્થિતિવાળો થાય ?

ઉ. ત્યાર પછી હજારો પૃથક્ત્વ સ્થિતિ ખંડો ગયે છતે તેઈન્દ્રિય સમાન સ્થિતિવાળો જીવ થાય છે.

૨૩૮. કેટલા સ્થિતિખંડ ગયે કોના જેટલી સ્થિતિવાળો થાય ?

ઉ. ત્યારબાદ હજારો પૃથક્ત્વ સ્થિતિ ખંડો ગયે છતે જીવ બેઈન્દ્રિય સમાન સ્થિતિવાળો થાય છે.

૨૩૯. કેટલા સ્થિતિ ખંડો ગયે કોના જેટલી સ્થિતિવાળા થાય ?

ઉ. ત્યાર બાદ હજારો પૃથક્ત્વ સ્થિતિ ખંડો ગયે છતે જીવ એકેન્દ્રિય સમાન સ્થિતિવાળો થાય છે.

૨૪૦. કેટલા સ્થિતિખંડ ગયે કોના જેટલી સ્થિતિવાળો થાય ?

ઉ. ત્યાર બાદ હજારો પૃથક્ત્વ સ્થિતિખંડો ગયે છતે જીવ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણે સ્થિતિવાળો થાય છે.

૨૪૧. દર્શન મોહનીય ત્રિકમાં શું કાર્ય કરે ?

ઉ. ત્યાર બાદ એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણેસ્થિતિ થયા બાદ ત્રણે દર્શન મોહનીય પ્રત્યેક નો એક એક સંખ્યાતમો ભાગ બાકી રાખી બાકીની સર્વસ્થિતિનો ઘાત કરે છે.

૨૪૨. તે પછી શું કાર્ય કરે ?

ઉ. દર્શન મોહનીયત્રિક પ્રત્યેક નો જે સંખ્યાતમો ભાગ બાકી રાખેલ છે તેનો એક સંખ્યાતમો ભાગ બાકી રાખી બાકીની સર્વ સ્થિતિનો ઘાત કરે છે.

૨૪૩. તે પછી શું કાર્ય કરે ? ક્યાં સુધી કર્યા કરે ?

ઉ. ત્યારબાદ જે સંખ્યાતમો ભાગ બાકી રાખેલ છે તેમાંથી એક સંખ્યાતમો ભાગ બાકી રાખી બાકીની સર્વ સ્થિતિનો ઘાત કરે આ રીતે હજારો પૃથક્ત્વ વાર પ્રક્રિયા કરે છે.

૨૪૪. હજારો સ્થિતિઘાત કર્યા પછી શું કાર્ય થાય ?

ઉ. હજારો સ્થિતિઘાતો કર્યા પછી મિથ્યાત્વ મોહનીયના અસંખ્યાતમા ભાગ ને, સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના સંખ્યાતમા ભાગોનો ઘાત કરે છે.

૨૪૫. તે પછી શું કાર્ય કરે ?

ઉ. ત્યાર બાદ ઘણાં સ્થિતિખંડો કર્યા કરે ત્યારે મિથ્યાત્વનાં દલિકો ઘણાં ખરાનો નાશ થાય છે.

૨૪૬. ત્રણ દર્શન મોહનીયની સ્થિતિ ત્યાર પછી કેટલી હોય ?

ઉ. આ રીતે હજારો સ્થિતિખંડોનો નાશ થાય ત્યારે મિથ્યાત્વ મોહનીયના દલિકો એક આવલિકા જેટલાં રહે છે તે વખતે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના દલિકો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા રહે છે.

૨૪૭. સ્થિતિઘાતો કરતા દલિકો શેમાં શેમાં નાંખે ?

ઉ. સ્થિતિઘાત કરાતા મિથ્યાત્વના દલિકોને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયમાં નાંખે છે. મિશ્રમોહનીયના દલિકો સમ્યક્ત્વ મોહનીયમાં નાંખે છે અને સમ્યક્ત્વ મોહનીયના દલિકો પોતાની વચલી સ્થિતિમાં નાંખે છે.

૨૪૮. મિથ્યાત્વના એક આવલિકા જેટલા દલિકોનું શું કાર્ય થાય ?

ઉ. આવલિકા માત્ર રહેલા મિથ્યાત્વના દલીકોને સ્તિબુક સંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયમાં નાંખીને જીવ મિથ્યાત્વની સત્તા રહીત થાય છે.

૨૪૯. મિથ્યાત્વ મોહનીયનો અંત થતા જીવોને મોહનીય કર્મની સત્તા કેટલી પ્રકૃતિની હોય ?

ઉ. મોહનીયની ૨૩ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. અપ્રત્યાખ્યાનાદિ-૧૨ કષાય, હાસ્યાદિ-૬, ૩-વેદ, સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય

૨૫૦. આ ત્રેવીશ પ્રકૃતિઓની સત્તા કઈ ગતિમાં હોય ?

ઉ. મોહનીયની ૨૩ની સત્તા નિયમા મનુષ્યગતિમાં જ હોય છે.

૨૫૧. મિથ્યાત્વનો અંત થતા શું કાર્ય થાય ?

ઉ. મિથ્યાત્વ મોહનીયનો અંત થતાં સત્તામાં રહેલ સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીયના દલિકોમાંથી અસંખ્યાત સ્થિતિખંડો કરે તેમાં એક બાકી રાખી બાકીના અસંખ્યાતાનો નાશ કરે છે.

૨૫૨. એક ભાગ બાકી રહ્યો તેનું શું કરે ?

ઉ. એક ભાગ જે અસંખ્યાતમો બાકી છે તેના પણ ફરીથી અસંખ્યાતા સ્થિતિખંડો કરી એક બાકી રાખી બાકીના બધાનો નાશ કરે છે.

૨૫૩. એક ભાગ બાકી છે તેનું શું કરે ? આ રીતે કયાં સુધી કરે ?

ઉ. એક ભાગ જે બાકી છે તેના પણ અસંખ્યાતા ભાગો કરી તેમાંથી એક ભાગ બાકી રાખી બાકી બધા સ્થિતિખંડોનો નાશ કરે. આ રીતે મિશ્રમોહનીયના એક આવલિકા જેટલા દલિકો બાકી રહે ત્યાં સુધી કરે છે.

૨૫૪. મિશ્રમોહનીયના દલિકો જેરહ્યા ત્યારે સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ કેટલા કાળની હોય ?

ઉ. મિશ્ર મોહનીયના એક આવલિકા જેટલા દલિકો સત્તામાં હોય ત્યારે સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ સત્તા આઠ (૮) વર્ષ પ્રમાણ હોય છે.

૨૫૫. મિશ્ર મોહનીયના દલિકોને ત્યાર બાદ શું કરે ?

ઉ. મિશ્ર મોહનીયના આવલિકા પ્રમાણ દલિકોને સ્તિબુક સંક્રમવડે સમ્યક્ત્વ મોહનીયમાં નાંખતા મિશ્ર મોહનીયની સત્તા રહિત જીવ થાય છે.

૨૫૬. આવા જીવોને કોના મતે શું કહેવાય ?

ઉ. આવા જીવોને એટલે બાવીશની મોહનીયની સત્તાવાળા નિશ્ચય નયના મતે દર્શન મોહનીય ક્ષપક કહેવાય છે.

૨૫૭. બાવીશની સત્તાવાળો જીવ આગળ શું કાર્ય કરે ?

ઉ. ત્યાર બાદ આગળ સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત પ્રમાણે સ્થિતિ ખંડનો નાશ કરે છે તેના દલિકોને ઉદય સમયથી માંડીને સંક્રમાવે છે.

૨૫૮. સંક્રમ કઈ રીતે હોય ?

ઉ. ઉદય સમયે સૌથી થોડું દલિક હોય, તેનાથી બીજા સમયે અસંખ્ય ગુણ દલિક હોય, તેનાથી ત્રીજા સમયે અસંખ્યગુણ દલિક હોય એમ ગુણ શ્રેણીના અંત સમય સુધી અસંખ્યાત-અસંખ્યાત પણે સંક્રમાવે છે.

૨૫૯. તે પછી કઈ રીતે સંક્રમાવે ? કયાં સુધી સક્રમાવે ?

ઉ. તે પછી વિશેષ હીન.....વિશેષહીન રૂપ સ્થિતિના દલિકને ચરમ સમય સુધી સંક્રમાવે છે.

૨૬૦. આ સ્થિતિઘાતો અને સ્થિતિખંડો કયાં સુધી ઉવેલે છે ?

ઉ. આ પ્રમાણે અંતર્મુહૂર્ત પ્રમાણ અનેક સ્થિતિઘાતો ધ્વિચરમ સમય સુધી સ્થિતિખંડ પર્યંત ઉવેલે છે અને ક્ષય કરે છે.

૨૬૧. આ વખતે કયા સ્થિતિખંડો નાના મોટા હોય ?

ઉ. આ વખતે ધ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ અસંખ્યગુણ અધિક હોય છે.

૨૬૨. છેલ્લો ખંડ બાકી હોય ત્યારે જીવને શું કહેવાય ?

ઉ. આ છેલ્લો સ્થિતિ ખંડ ઉકેરાયે છતે જીવને ક્ષપક કૃત કરણ કહેવાય છે.

૨૬૩. ક્ષાયિક સમક્તિની પ્રાપ્તિ કયારે ગણાય ?

ઉ. સંપૂર્ણ દલિક ભોગવીને નાશ થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીયની સત્તા રહિત બને છે આ વખતે જીવને ક્ષાયિક સમક્તિની પ્રાપ્તિ થઈ ગણાય છે.

૨૬૪. કયા કાળમાં વર્તતો જીવ કાળ કરે તો કયાં જઈ શકે ?

ઉ. કૃત કરણ અધ્ધામાં વર્તતો કોઈપણ જીવ પૂર્વ આયુષ્ય બાંધેલ હોય તો આ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં કાળ કરીને ચારેગતિમાંથી કોઈપણ ગતિમાં જઈ શકે છે.

૨૬૫. આ ક્ષાયિક સમક્તિી જીવના ભવો કેટલા હોય ?

ઉ. ત્રણ અથવા ચાર ભવ હોય મતાંતરે પાંચ ભવ પણ હોય છે.

## ચારિત્ર મોહનીયની એકવીશ પ્રકૃતિના ક્ષયનું વર્ણન

૨૬૬. કયા જીવો ચારિત્ર મોહનીયની પ્રકૃતિનો ક્ષય કરવાનો પ્રયત્ન કરે ?

ઉ. ચરમ શરીરી જીવ, અબધ્ધ આયુષ્ય, વિશુધ્ધ અધ્યવસાય વાળો થાય ત્યારે ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓનો ક્ષય કરવા પ્રયત્ન કરે છે.

૨૬૭. ક્ષય કરવા કયા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ?

ઉ. આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યાર બાદ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.

૨૬૮. નવમા ગુણસ્થાનકની શરૂઆતથી જીવો શું કાર્ય કરે ?

ઉ. નવમા ગુણસ્થાનકની શરૂઆતથીજ સત્તામાં રહેલા અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય આઠ કષાયોનાં દલિકોનો ક્ષય કરે છે.

૨૬૯. નવમાના કેટલા કાળે અપ્રત્યાખ્યાનાદિની સ્થિતિ સત્તા કેટલી રહે ?

ઉ. અપ્રત્યાખ્યાનાદિ આઠના દલિકોનો ક્ષય કરતા કરતા નવમા ગુણસ્થાનકનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે આઠ કષાયની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી થાય છે.

૨૭૦. અપ્રત્યાખ્યાનાદિની સ્થિતિ સત્તાએ કેટલી પ્રકૃતિઓનો ક્ષય થાય ? કઈ કઈ ?

ઉ. જ્યારે અપ્રત્યાખ્યાનાદિ આઠ કષાયની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ સત્તા થાય ત્યારે ૧૬ પ્રકૃતિનો ક્ષય થાય છે.

દર્શનાવરણીય-૩, થીણધ્ધીત્રિક. નામ-૧૩, પિંડ-૮. પ્રત્યેક-૨, સ્થાવર-૩, પિંડ-૮, નરકધ્વિક-તિર્યંચધ્વિક-એકેન્દ્રિય ૪-જાતિ, પ્રત્યેક-૨, આતપ-ઉદ્યોત, સ્થાવર-૩. સ્થાવર-સૂક્ષ્મ-સાધારણ

૨૭૧. સોળનો ક્ષય થયે કેટલા કાળે શું કાર્ય થાય ?

ઉ. સોળ પ્રકૃતિનો ક્ષય થયે છતે નવમા ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ ગયે છતે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય આઠ કષાયના દલિકોનો ક્ષય કરે છે.

૨૭૨. આ પ્રકૃતિઓનાં ક્ષયમાં કોઈ મતાંતર છે ? કયો ?

ઉ. અન્ય આચાર્યોના મતે પહેલા આઠ કષાયનાં સઘળાંય દલિકો ક્ષય થાય છે અને ત્યાર બાદ થીણધ્ધિત્રિક આદિ ૧૬ પ્રકૃતિનો ક્ષય થાય છે.

૨૭૩. આ પ્રકૃતિઓનાં ક્ષયે સત્તામાં કેટલી પ્રકૃતિઓ હોય ? મતાંતરે કેટલી હોય ?

ઉ. એક સો આડત્રીશમાંથી ૧૬ પ્રકૃતિનો અંત થતાં ૧૨૨ની સત્તા હોય છે, અને ત્યાર બાદ અપ્રત્યાખ્યાનાદિ આઠ કષાય ક્ષયે ૧૧૪ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. મતાંતરે ૧૩૮માંથી આઠ કષાયના ક્ષયે ૧૩૦ પ્રકૃતિઓ સત્તામાં હોય તેમાંથી થીણધ્ધીત્રિકઆદિ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય થતાં ૧૧૪ ની સત્તા હોય છે.

૨૭૪. એકસો ચૌદની સત્તાવાળો જીવ શું કાર્ય કરે ?

ઉ. એક અંતર્મુહૂર્તની અંદર નવ નોકષાય અને ચાર કષાયને ખપાવવાની શરૂઆત કરવા માટે અંતરકરણ કરે છે.

૨૭૫. અંતરકરણ કર્યા બાદ શું કાર્ય કરે ?

ઉ. નપુંસકવેદની ઉપરની સ્થિતિનું દલીયું ઉદ્‌વલન વિધિએ કરીને ક્ષય કરવા માંડે છે.

૨૭૬. કેટલાકાળ વેદીને કેટલી સ્થિતિવાળું બનાવે ?

ઉ. એક અંતર્મુહૂર્ત સુધી વેદીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિવાળું કરે છે.

૨૭૭. એ સ્થિતિવાળા દલિકને શું કરે ?

ઉ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિવાળુ થાય ત્યાંથી માંડીને

બંધાતી પ્રકૃતિને વિષે ગુણસંક્રમવડે કરીને નાંખે છે.

૨૭૮. ગુણસંક્રમવડે નાંખતા કઈ સ્થિતિનો ક્ષય કરે ?

ઉ. ગુણસંક્રમ વડે નાંખતા એક અંતર્મુહૂર્તે નપુંસકવેદની સત્તાનો ક્ષય કરે છે.

૨૭૯. નપુંસકવેદે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી હોય તો કઈ રીતે ક્ષય કરે ?

ઉ. નપુંસકવેદે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરેલી હોય તો છેલ્લુ દલિયું ભોગવીને ક્ષય કરે છે.

૨૮૦. નપુંસકવેદે શ્રેણી ન માંડી હોય તો કઈ રીતે ક્ષય કરે ?

ઉ. નપુંસકવેદે ક્ષપક શ્રેણી પ્રાપ્ત ન કરી હોય તો તે દલિક એક આવલિકા માત્ર હોય તેને વેદ્યમાન પ્રકૃતિને વિષે સ્તિબુક સંક્રમે કરીને સંક્રમાવે છે આ રીતે નપુંસકવેદનો ક્ષય કરે.

૨૮૧. નપુંસકવેદના ક્ષયે કેટલી પ્રકૃતિની સત્તાવાળો જીવ થાય ? અને ત્યાર બાદ શું કાર્ય કરે ?

ઉ. ૧૧૩ પ્રકૃતિઓની સત્તાવાળો જીવ થાય છે ત્યાર બાદ સ્ત્રીવેદનો ક્ષય કરવા માટે આરંભ કરે છે.

૨૮૨. સ્ત્રીવેદનો ક્ષય કરવા કઈ રીતે આરંભ કરે ?

ઉ. સ્ત્રીવેદની ઉપરની સ્થિતિનું દલિયું ઉદ્‌વલન વિધિએ કરીને ક્ષય કરવા માંડે છે.

૨૮૩. સ્ત્રીવેદના દલિયા કેટલો કાળ વેદી કેટલી સ્થિતિ કરે છે ?

ઉ. ઉદ્‌વલન વિધિથી કરતાં એક અંતર્મુહૂર્ત સુધી વેદીને પલ્યોપમના અસંખ્યાત્મા ભાગ જેટલી સ્થિતિવાળું કરે છે.

૨૮૪. એટલી સ્થિતિ થયે પછી શું કાર્ય કરે ?

ઉ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ કરીને બંધાતી પ્રકૃતિને વિષે ગુણ સંક્રમ વડે કરી નાંખે છે અને તે રીતે નાંખતા નાંખતા સ્ત્રીવેદની સત્તાનો ક્ષય કરે છે.

૨૮૫. સ્ત્રીવેદના ક્ષયે જીવો કેટલી પ્રકૃતિની સત્તાવાળા થાય ?

ઉ. ૧૧૨ પ્રકૃતિની સત્તાવાળા થાય છે. જ્ઞાના-૫, દર્શના-૬, વેદનીય-૨, મોહનીય-૧૧, આયુ-૧, નામ-૮૦, ગોત્ર-૨, અંત-૫ = ૧૧૨

મોહનીય-૧૧, સંજ્વલન-૪ કષાય-હાસ્યાદિ-૬, પુરૂષવેદ

૨૮૬. એકસો બારની સત્તાવાળો જીવ શું કાર્ય કરે ?

ઉ. વિશુધ્ધિ વડે ચઢતાં હાસ્યાદિ-૬, પ્રકૃતિઓનો સત્તામાંથી ક્ષય કરવા પ્રયત્ન કરે છે.

૨૮૭. હાસ્યાદિ છને કઈ રીતે ક્ષય કરવા પ્રયત્ન કરે ?

ઉ. અંતરકરણ કરી હાસ્યાદિ ૬ની ઉપરની સ્થિતિનું દલિયું ઉદ્વલન વિધિએ કરીને ક્ષય કરવા માંડે છે.

૨૮૮. કેટલા કાળ વેદીને કેટલી સ્થિતિવાળી બનાવે ?

ઉ. એક અંતર્મુહૂર્ત સુધી વેદીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિવાળી હાસ્યાદિ-૬ કરે છે.

૨૮૯. હાસ્યાદિ છની ઉપરની સ્થિતિનું દલિયું શેમાં સંક્રમાવે ?

ઉ. તે દલિક પુરૂષવેદને વિષે સંક્રમાવે નહિ પણ સંજ્વલન ક્રોધને વિષે સંક્રમાવે છે.

૨૯૦. કેટલા કાળ સુધી સંક્રમાવે ? અને ત્યાર બાદ શું કાર્ય થાય ?

ઉ. એ સંક્રમાવતાં સંક્રમાવતાં એક અંતર્મુહૂર્તે, ૬નોકષાયનું ઉપરનું દલિયું વિશેષપણે ક્ષીણ થયે છતે તેજ સમયે પુરૂષવેદના બંધ-ઉદય-ઉદીરણા નો વિચ્છેદ થાય છે.

૨૯૧. પુરૂષવેદના દલિકો કેટલા બાકી રહે ?

ઉ. જે સમયે બંધ-ઉદય-ઉદીરણાનો (પુરૂષવેદનો) વિચ્છેદ થાય ત્યારે સમય ન્યૂન બે આવલિકાનું દલિક પુરૂષવેદનું બાકી રહે છે.

૨૯૨. નપુંસકવેદે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરનાર જીવો કયા ક્રમે પ્રકૃતિઓનો ક્ષય કરે ? ત્યારે જીવોને બંધાદિ વિચ્છેદ કયારે થાય ?

ઉ. પહેલા સ્ત્રીવેદ અને નપુંસકવેદનો સમકાળે ક્ષય કરે છે તે સમયે જ પુરૂષવેદનો બંધ-ઉદય-ઉદીરણા-વિચ્છેદ થાય છે ત્યાર બાદ અવેદક થયો થકો પુરૂષવેદ અને હાસ્યાદિ ૬ નો એક સાથે ક્ષય કરે છે.

૨૯૩. સ્ત્રીવેદે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરનાર પહેલો કોનો ક્ષય કરે ?

ઉ. નપુંસકવેદનો ક્ષય કરે છે.

૨૯૪. ત્યાર પછી કોનો ક્ષય કરે ? અને બંધાદિ કયારે વિચ્છેદ થાય ?

ઉ. ત્યાર બાદ સ્ત્રીવેદનો ક્ષય કરે છે તેજ સમયે પુરૂષવેદનો બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે.

૨૯૫. બંધ વિચ્છેદ થતાં શું કાર્ય કરે ?

ઉ. પુરૂષવેદનો બંધાદિ વિચ્છેદ થતાં પુરૂષવેદ અને હાસ્યાદિ ૬નો એક સાથે ક્ષય કરે છે.

## પુરૂષવેદ આશ્રયી ક્ષપક શ્રેણી વર્ણન......

૨૯૬. પુરૂષવેદીને શેનું વેદન કરતાં કેટલા ભાગ ? કયા ?

ઉ. પુરૂષવેદીને ક્રોધનું વેદન કરતાં ક્રોધ અધ્ધાનાં ત્રણ ભાગ થાય છે. ૧. અશ્વકરણ અધ્ધા ૨. કિટ્ટીકરણ અધ્ધા,૩. કિટ્ટી વેદન અધ્ધા

૨૯૭. અશ્વકરણ અધ્ધામાં જીવ શું કાર્ય કરે ?

ઉ. આ કરણ કાળમાં વર્તતો જીવ પ્રતિ સમયે અન્ય અન્ય અપૂર્વ સ્પર્ધક સંજ્વલન ચતુષ્કના અંતરકરણ થકી ઉપરની સ્થિતિને વિષે કરે છે.

૨૯૮. ત્યાર બાદ બીજું શું કાર્ય કરે ?

ઉ. તે સમયે પુરૂષવેદ પણ સમય ન્યૂન બે આવલિકા રૂપ કાળને ક્રોધ વિષે સંક્રમ વડે સંક્રમાવે છે.

૨૯૯. પુરૂષવેદના દલિક છેલ્લા સમયે કયા સંક્રમ વડે સંક્રમાવે ? ત્યારબાદ શું કાર્ય થાય ?

ઉ. ચરમ સમયે પુરૂષવેદના દલિકો સર્વ સંક્રમે કરીને સંક્રમાવે છે અને પુરૂષવેદનો ક્ષય કરે છે.

૩૦૦. પુરૂષવેદનો ક્ષય થતાં જીવ શેમાં પ્રવેશ કરે ?

ઉ. પુરૂષવેદના દલિકોનો ક્ષય થયેજીવ કિટ્ટીકરણ અધ્ધામાં પ્રવેશ કરે છે.

૩૦૧. કિટ્ટીકરણ અધ્ધામાં રહેલો જીવ શું કરે ? કેટલી ?

ઉ. કિટ્ટીકરણ અધ્ધામાં પ્રવેશેલો જીવ સંજ્વલન ચતુષ્કની ઉપરની સ્થિતિના દલિયાની કિટ્ટી કરે છે તે કિટ્ટીઓ અનંતી હોય છે.

૩૦૨. સંજ્વલન ચાર કષાયની અસત્‌કલ્પનાએ કિટ્ટીઓ કેટલી કેટલી હોય ?

ઉ. દરેક કષાયની અનંતી અનંતી કિટ્ટીઓ હોય છે છતાં સમજવા માટે

અસત્ કલ્પનાથી એક એક કષાયની ત્રણ ત્રણ કિટ્ટી જાણવી એમ કુલ ચાર કષાયની બાર કિટ્ટીઓ થાય છે.

૩૦૩. ક્રોધકષાયથી ક્ષપકશ્રેણી વાળાને કેટલી કિટ્ટીઓ હોય ?

ઉ. ચાર કષાયોની થઈને બાર કિટ્ટી હોય છે.

૩૦૪. માનકષાયથી ક્ષપકશ્રેણી વાળાને કેટલી કિટ્ટી હોય ?

ઉ. માનકષાયથી શ્રેણી માંડનારને ક્રોધકષાયની ત્રણ સિવાયની નવ કિટ્ટીઓ હોય છે.

૩૦૫. માનકષાયથી શ્રેણી માંડનારને ક્રોધ કષાયનો ક્ષય કઈ રીતે થાય ?

ઉ. માનકષાયથી શ્રેણી પ્રાપ્ત કરનાર જીવને ઉદ્‌વલન વિધિએ કરીને ક્રોધ કષાયનો ક્ષય થાય છે.

૩૦૬. માયાકષાયથી શ્રેણી માંડનારને ક્રોધમાનનો કઈ રીતે ક્ષય થાય ?

ઉ. માયાકષાયથી શ્રેણી પ્રાપ્ત કરનારને ક્રોધ અને માનનો ઉદ્‌વલન વિધિએ ક્ષય થાય છે.

૩૦૭. માયાકષાયથી શ્રેણી પ્રાપ્ત કરનારને કિટ્ટીઓ કેટલી હોય ?

ઉ. ક્રોધમાન સિવાયની માયાની ૩ અને લોભની ૩ એમ છ કિટ્ટીઓ હોય છે.

૩૦૮. લોભકષાયથી શ્રેણી પ્રાપ્ત કરનાર કષાયોનો ક્ષય કઈ રીતે કરે ?

ઉ. ક્રોધ-માન-માયાનો ઉદ્‌વલન વિધિથી ક્ષય કરે છે.

૩૦૯. લોભકષાયથી શ્રેણી પ્રાપ્ત કરનારને કેટલી કિટ્ટીઓ હોય ?

ઉ. લોભની ત્રણ કિટ્ટીઓ હોય છે.

૩૧૦. આ કિટ્ટીઓ કર્યા બાદ શેમાં પ્રવેશ કરે ?

ઉ. જે જે કષાયોથી શ્રેણી પ્રાપ્ત કરેલ હોય તે જીવો કિટ્ટીઓનું વેદન કરવા માટે કિટ્ટી વેદન અધ્ધાને વિષે પ્રવેશ કરે છે.

૩૧૧. કિટ્ટી વેદન અધ્ધામાં પ્રવેશેલ ક્રોધકષાય વાળો જીવશું કાર્ય કરે ?

ઉ. ક્રોધ પ્રતિપન્ન થયો થકો ક્રોધનું પ્રથમ કિટ્ટીની બીજી સ્થિતિનું દલીયું ખેંચીને પહેલી સ્થિતિનું કરે છે અને વેદન કરે છે.

૩૧૨. ક્રોધનું બીજી સ્થિતિનું દલિક ખેંચવાનું કાર્ય કયાં સુધી કરે ?

ઉ. આ પ્રક્રિયા ત્યાં સુધી જાણવી કે જ્યા સુધી સમય અધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી જાણવું

૩૧૩. ત્યાર બાદ શું કાર્ય કરે ?

ઉ. ત્યાર બાદ બીજી સ્થિતિમાં રહેલું બીજી કિટ્ટીનું દલિયું આકર્ષીને પહેલી સ્થિતિનું કરે છે અને વેદે છે.

૩૧૪. આ કાર્ય કયાં સુધી કરે ?

ઉ. આ પણ ત્યાં સુધી જાણવું કે સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી જાણવું

૩૧૫. અનંતર સમયે શું કાર્ય કરે ?

ઉ. અનંતર સમયે ત્રીજી સ્થિતિનું બીજી સ્થિતિમાં રહેલું દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે છે અને વેદે છે.

૩૧૬. આ કયાં સુધી કરે ?

ઉ. સમયાધિક આવલિકા માત્ર કાલ રહે ત્યાં સુધી તે કાર્ય કરે છે.

૩૧૭. આ ત્રણે સ્થિતિનું દલિક શી રીતે શેમાં નાંખે ?

ઉ. આ ત્રણે કિટ્ટી વેદન અધ્ધાને વિષે ઉપરની સ્થિતિનું દલિક ગુણ સંક્રમે કરીને પણ સંજ્વલન માનમાં નાંખે છે.

૩૧૮. ગુણસંક્રમ વડે એટલે કઈ રીતે ?

ઉ. સમયે સમયે અસંખ્યગુણ વૃધ્ધિએ નખાય તે ગુણસંક્રમ કહેવાય.

૩૧૯. ત્રીજી કિટ્ટી ચરમ સમયે શું કાર્ય થાય ?

ઉ. ત્રીજી કિટ્ટી વેદન અધ્ધાના ચરમ સમયે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો સમકાલે વિચ્છેદ થાય છે તેની સત્તાપણ સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલિક વર્જીને બાકીના બધા સંજ્વલન માનને વિષે સંક્રમાવે છે.

૩૨૦. અનંતર સમયે જીવ શું કાર્ય કરે ?

ઉ. અનંતર સમયે માનની પ્રથમ કિટ્ટીનું ધ્વિતીય સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે છે.

૩૨૧. પ્રથમ સ્થિતગત કરેલ દલિક કેટલા કાળ સુધી વેદે ?

ઉ. એક અંતર્મુહૂર્ત પર્યંત વેદે છે.

૩૨૨. ક્રોધના દલિકોને કયા સંક્રમથી સંક્રમાવે ?

ઉ. ક્રોધના બંધાદિ વિચ્છેદ થયે છતે તે સંબંધી દલિક સમય ન્યૂન બે આવલિકા માત્ર કાળે ગુણ સંક્રમે સંક્રમાવે છે.

૩૨૩. ચરમ સમયે કયા સંક્રમથી સંક્રમાવે ?

ઉ. ચરમ સમયે સર્વ સંક્રમથી સંક્રમાવે છે.

૩૨૪. આ કાળે જીવની સ્થિતિ કયા પ્રકારની હોય ?

ઉ. આ કાળમાં ક્રોધનો ક્ષય થાય છે અને માનનું પણ પ્રથમ કિટ્ટીનું પ્રથમ સ્થિતિગત કરેલું દલિક વેદાતુ સમયાધિક આવલિકાનું બાકી રહે છે.

૩૨૫. અનંતર સમયે શું કાર્ય થાય ?

ઉ. આ કાળ દરમ્યાન અનંતર સમયે માનની બીજી કિટ્ટીનું બીજી સ્થિતિમાં રહેલું દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે છે.

૩૨૬. કેટલા કાળ સુધી વેદન કરે ?

ઉ. સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે છે.

૩૨૭. આ કાળ દરમ્યાન શું કાર્ય થાય ?

ઉ. અનંતર સમયે માનની ત્રીજી કિટ્ટીનું બીજી સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે છે.

૩૨૮. કેટલા કાળ સુધી વેદન રહે ?

ઉ. સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદન કરે છે.

૩૨૯. એ વેદન સમયે શું કાર્ય થાય ?

ઉ. તે વેદન સમયે માનના બંધ-ઉદય-ઉદીરણા નો એક સાથે વિચ્છેદ થાય છે.

૩૩૦. બંધાદિ વિચ્છેદ થતાં સત્તામાં કેટલું દલિક રહે ?

ઉ. સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલિક પુરતી જ સત્તા રહે છે.

૩૩૧. બાકીના સંજ્વલન માનના દલિકોને શું કરે ?

ઉ. બાકીના સત્તાગત રહેલા માનના દલિકોને સંજ્વલન માયામાં સંક્રમાવે છે.

૩૩૨. અનંતર સમયે જીવ શું કાર્ય કરે ?

ઉ. માયામાં સંક્રમ કર્યા બાદ સંજ્વલન માયાની પ્રથમ કિટ્ટીનું બીજી સ્થિતિગત દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે છે.

૩૩૩. તે પ્રથમ સ્થિતિગત કરેલ દલિક કેટલા કાળ સુધી વેદે ?

ઉ. એક અંતર્મુહૂર્ત સુધી તેને વેદે છે.

૩૩૪. વેદાતા વેદાતા કેટલું બાકી રહે ?

ઉ. સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે છે.

૩૩૫. અનંતર સમયે જીવ શું કાર્ય કરે ?

ઉ. માયામાં સંક્રમ કર્યા બાદ સંજ્વલન માયાની પ્રથમ કિટ્ટીનું બીજી સ્થિતિનું દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે છે.

૩૩૬. તે પ્રથમ સ્થિતિગત કરેલ દલિક કેટલો કાળ વેદે ?

ઉ. સમયાધિક આવલિકા માત્ર કાળ રહે ત્યાં સુધી વેદે છે.

૩૩૭. અનંતર સમયે શું કાર્ય થાય ?

ઉ. ત્યાર બાદ અનંતર સમયે ત્રીજી સ્થિતિનું બીજી સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે છે.

૩૩૮. તે દલિકનું વેદન કેટલા કાળ કરે ? અને ત્યારે શું થાય ?

ઉ. સમયાધિક આવલિકા કાળ માત્ર બાકી રહે ત્યાં સુધી વેદન કરે તેજ સમયે માયાનો બંધ-ઉદય-ઉદીરણાનો સમકાળે વિચ્છેદ થાય છે.

૩૩૯. માયાનું સત્તાગત દલિક કેટલું હોય ?

ઉ. સમયન્યૂન બે આવલિકા એ બાંધેલ દલિક માત્ર જ સત્તામાં રહે છે.

૩૪૦. માયાનું બાકીનું દલિક શી રીતે શેમા સંક્રમાવે છે ?

ઉ. માયાનું બાકીનું દલિક ગુણ સંક્રમવડે સંજ્વલન લોભમાં નાંખી દીધેલ હોય છે.

૩૪૧. અનંતર સમયે જીવ શું કાર્ય કરે છે ?

ઉ. અનંતર સમયે લોભની પ્રથમ કિટ્ટીના બીજી સ્થિતિગત દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે છે.

૩૪૨. તે દલિકો કેટલા કાળ સુધી વેદે ?

ઉ. એક અંતર્મુહૂર્ત પર્યંત તેનું વેદન કરે છે.

૩૪૩. આવી સ્થિતિમાં જીવ કઈ સ્થિતિમાં હોય ?

ઉ. પ્રથમ સ્થિતિગત લોભના દલિકોને એક અંતર્મુહૂર્ત વેદતો સંજ્વલન માયાના પણ બંધાદિ વિચ્છેદ થયે છતે તે સંબંધી સર્વ દલિકને સમય ન્યૂન બે આવલિકા કાળે ગુણ સંક્રમવડે સંજ્વલન લોભમાં સંક્રમાવે છે ત્યારે લોભનું પ્રથમ કિટ્ટીનું પ્રથમ સ્થિતિગત કરેલ દલિક વેદાતું સમયાધિક આવલિકા માત્ર બાકી રહે છે.

૩૪૪. અનંતર સમયે શું કાર્ય થાય ?

ઉ. ત્યાર પછી અનંતર સમયે લોભની બીજી કિટ્ટીનું બીજી સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે છે.

૩૪૫. કેટલા કાળ સુધી વેદે ?

ઉ. એક અંતર્મુહૂર્ત પર્યંત તે વેદાય છે.

૩૪૬. અનંતર સમયે શું કાર્ય કરે ?

ઉ. ત્રીજી કિટ્ટીનું દલિક ગ્રહણ કરીને સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી સૂક્ષ્મ કિટ્ટીઓ કરે છે.

૩૪૭. સૂક્ષ્મ કિટ્ટીઓ થતાં શું થાય ?

ઉ. તેજ સમયે સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ થાય તથા બાદર લોભના- ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે.

૩૪૮. ઉદય-ઉદીરણા વિચ્છેદ થતાં કયું ગુણસ્થાનક સમાપ્ત થાય ?

ઉ. બાદર લોભના ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થતાં નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકનો પણ વિચ્છેદ થાય છે.

૩૪૯. અનંતર સમયે જીવ શું કાર્ય કરે ?

ઉ. તે પછી અનંતર સમયે બીજી સ્થિતિનું સૂક્ષ્મ કિટ્ટીકૃત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અને વેદે છે.

૩૫૦. તે વખતે જીવને કયું ગુણસ્થાનક હોય ?

ઉ. તે વખતે જીવ દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે ગણાય છે.

૩૫૧. ત્રીજી કિટ્ટીના બાકી રહેલા દલિકોને શું કરે ?

ઉ. ત્રીજી કિટ્ટીની બાકી રહેલી સંપૂર્ણ આવલિકા વેદાતી પર પ્રકૃતિને વિષે

સ્તિબુક સંક્રમવડે સંક્રમાવે છે.

૩૫૨. પહેલી બીજી કિટ્ટીગત આવલિકાના દલિકોને શું કરે ?

ઉ. પહેલી બીજી કિટ્ટીગત આવલિકા અનુક્રમે બીજી ત્રીજી કિટ્ટીની અંતરગત સંક્રમાવીને વેદે છે.

૩૫૩. સૂક્ષ્મ કિટ્ટી આદિનું દલિક કયાં સુધી ખપાવે ?

ઉ. લોભની સૂક્ષ્મ કિટ્ટીઓને વેદનારો સૂક્ષ્મ સંપરાય વર્તી જીવ સૂક્ષ્મ કિટ્ટીનું દલિક અને સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલિક સમયે સમયે સ્થિતિઘાતાદિ વડે સૂક્ષ્મ સંપરાયના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યાં સુધી ખપાવે છે.

૩૫૪. સંખ્યાતા ભાગમાં શું કાર્ય કરે ?

ઉ. બાકી રહેલ સંખ્યાતા ભાગમાં સંજ્વલન લોભને સર્વ અપવર્તના વડે ઘટાડીને સ્થિતિઘાતાદિનો નાશ કરે.

૩૫૫. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકનો હજી કાળ કેટલો હોય ?

ઉ. હજી એક અંતર્મુહૂર્ત પ્રમાણ કાળ બાકી હોય છે.

૩૫૬. મોહનીય કર્મ સિવાય બાકીના કર્મોનું શું કાર્ય હોય ?

ઉ. મોહનીય કર્મ સિવાય બાકીના કર્મના પણ સ્થિતિઘાતાદિ હોય છે.

૩૫૭. લોભની ઉદય-ઉદીરણા કયાં સુધી વેદે ?

ઉ. સમયાધિક એક આવલિકા માત્ર કાળ બાકી રહે ત્યાં સુધી લોભની ઉદય-ઉદીરણા હોય છે.

૩૫૮. ઉદીરણાનો વિચ્છેદ કયારે થાય ?

ઉ. અનંતર સમયે લોભની એક આવલિકા કાળ બાકી રહે ત્યારે ઉદીરણા વિચ્છેદ થાય છે.

૩૫૯. એક આવલિકા જેટલા દલિકો શી રીતે ભોગવાય ?

ઉ. લોભના એક આવલિકા જેટલા દલિકો માત્ર ઉદય વડે જ ભોગવાય છે અને તે છેલ્લા સમય સુધી વેદાય છે.

૩૬૦. સૂક્ષ્મ સંપરાયના છેલ્લા સમયે શું કાર્ય થાય ?

ઉ. સૂક્ષ્મ સંપરાયના છેલ્લા સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪,

અંતરાય-૫, યશનામ કર્મ, ઉચ્ચ ગોત્ર આ ૧૬ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે.

૩૬૧. બંધ વિચ્છેદ સમયે મોહનીય કર્મનું શું વિચ્છેદ થાય ?

ઉ. જ્ઞાનાવરણીયાદિ-૧૬ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થતાં મોહનીય કર્મનો ઉદય અને સત્તાનો વિચ્છેદ થાય છે.

૩૬૨. મોહનીયના ઉદય સત્તાનો વિચ્છેદ થતાં શું બને ?

ઉ. મોહનીયના ઉદય સત્તાનો વિચ્છેદ થતાની સાથે જ દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકનો વિચ્છેદ થાય છે.

૩૬૩. દશમા ગુણસ્થાનકનો વિચ્છેદ થતાં જીવ શું પ્રાપ્ત કરે ? અને કયા ગુણસ્થાનકે હોય ?

ઉ. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકનો વિચ્છેદ થતાં બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે તે જ વખતે ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરે છે.

૩૬૪. બારમા ગુણસ્થાનકમાં જીવ શું કાર્ય કરે ?

ઉ. જ્ઞાનાવરણીય આદિ છ કર્મનો સ્થિતિઘાતાદિ સંખ્યાતા ભાગ સુધી કરે છે.

૩૬૫. બારમા ગુણસ્થાનકનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે શું કાર્ય કરે ?

ઉ. એક સંખ્યાતમા ભાગમાં જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫ અને નિદ્રાધ્વિક આ ૧૬ પ્રકૃતિની સ્થિતિ સર્વ અપવર્તના કરણ વડે નાશ કરે છે.

૩૬૬. નાશ કરતા કરતા કોના સરખી સ્થિતિ કરે ?

ઉ. જ્ઞાનાવરણીય આદિ ૧૪ પ્રકૃતિની સ્થિતિનો નાશ કરતા કરતા બારમા ગુણસ્થાનકના કાળ સરખી કરે છે જ્યારે નિદ્રાધ્વિકની સ્થિતિ એક સમય ન્યૂન જેટલી કરે છે.

૩૬૭. ક્ષીણમોહ કષાય ગુણસ્થાનકનો કેટલો કાળ બાકી હોય ?

ઉ. એક અંતર્મુહૂર્તનો હજી કાળ હોય છે.

૩૬૮. એ અંતર્મુહૂર્ત કાળમાં શું કાર્ય્ થાય ?

ઉ. જ્ઞાનાવરણીયાદિ, ૧૬ પ્રકૃતિના સ્થિતિઘાતાદિ વિરામ પામે છે બાકીની પ્રકૃતિનાં સ્થિતિઘાતાદિ ચાલુ હોય છે.

૩૬૯. જ્ઞાનાવરણીયાદિ ૧૬ પ્રકૃતિઓનું વેદન કયાં સુધી હોય ?

ઉ. જ્ઞાનાવરણીયાદિ, ૧૬ પ્રકૃતિઓને ઉદય-ઉદીરણાએ કરીને સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે છે.

૩૭૦. અનંતર સમયે શું વિચ્છેદ થાય ?

ઉ. અનંતર સમયે ઉદીરણા વિચ્છેદ થાય છે.

૩૭૧. છેલ્લી આવલિકા માત્ર શી રીતે હોય ?

ઉ. છેલ્લી આવલિકા માત્ર ઉદય રૂપે જ હોય છે.

૩૭૨. છેલ્લો એક સમય બાકી રહે ત્યારે શું વિચ્છેદ પામે ?

ઉ. છેલ્લો એક સમય બાકી રહે ત્યારે અર્થાત્ તે પહેલા નિદ્રાધ્વિક ઉદય સત્તામાંથી વિચ્છેદ પામે છે.

૩૭૩. છેલ્લા સમયે શું કાર્ય હોય ? શું વિચ્છેદ પામે ?

ઉ. જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, આ ૧૪ પ્રકૃતિઓનો માત્ર ઉદય જ હોય છે અને તે છેલ્લા સમયે ચૌદ પ્રકૃતિનો ઉદય અને સત્તામાંથી વિચ્છેદ થાય છે.

૩૭૪. ચૌદ પ્રકૃતિનો અંત થતાં જીવ શું પ્રાપ્ત કરે ? અને તે વખતે કયું ગુણસ્થાનક કહેવાય ?

ઉ. જીવ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે તે વખતે તેરમુ સયોગી કેવલી ગુણસ્થાનક કહેવાય છે.

૩૭૫. તેરમા ગુણસ્થાનકનો કાળ કેટલો હોય ?

ઉ. જઘન્ય એક અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ થી ૯ વર્ષ ન્યૂન પૂર્વ ક્રોડ વરસ નો કાળ હોય છે.

૩૭૬. છ માસથી અધિક આયુષ્યવાળા કેવલી ભગવંતો શું કાર્ય કરે ?

ઉ. છ માસથી અધિક આયુષ્યવાળા કેવલી ભંગવનો અવશ્ય કેવલી સમુદ્ઘાત કરે છે.

૩૭૭. ઓછા આયુષ્ય વાળા જીવો શું કરે ?

ઉ. છ માસથી ઓછા આયુષ્યવાળા કેવલી ભંગવતો કેવલી સમુદ્‌ઘાત કરે અથવા ન પણ કરે.

૩૭૮. સમુદ્‌ઘાત કયા કેવલી ભગવંતો કરે ?

ઉ. જે કેવલી ભગવંતોને વેદનીય આદિ કર્મની વર્ગણાઓ આયુષ્ય કર્મની વર્ગણા કરતાં અધિક ઓછી કે વિષમ હોય તે સમ કરવા માટે સમુદ્‌ઘાત કરે છે.

૩૭૯. કેવલી સમુદ્‌ઘાતનો કાળ કેટલો હોય ?

ઉ. આઠ સમયનો હોય છે.

## કેવલી સમુદ્‌ઘાતનું વર્ણન

૩૮૦. પહેલા સમયે શું કાર્ય કરે ?

ઉ. આત્મ પ્રદેશોનો અધઃ ઉર્ધ્વ લોકાન્ત સુધી દંડ કરે છે.

૩૮૧. બીજા સમયે શું કાર્ય થાય ?

ઉ. બીજા સમયે પૂર્વાપર સ્વયંભૂરમણ સમુદ્રના બન્ને છેડા સુધી લોકાન્ત લગે કપાટ કરે છે (કપાટ=ચોકડી આકાર)

૩૮૨. ત્રીજા સમયે શું કાર્ય કરે ?

ઉ. ત્રીજા સમયે લોકાન્ત સુધી આત્મ પ્રદેશોનો વિસ્તાર કરીને મન્થાન રૂપ કરે છે (મન્થાન=રવૈયાના આકાર રૂપ)

૩૮૩. ચોથા સમયે શું કાર્ય થાય ?

ઉ. ચોથા સમયે બાકીના આંતરામાં આત્મ પ્રદેશો વિસ્તારી પુરીને (પૂર્ણ કરીને) સમગ્ર લોક વ્યાપી જીવ થાય છે.

૩૮૪. પાંચથી આઠ સમયમાં શું કાર્ય થાય ?

ઉ. પાંચમા સમયે આંતરાઓમાંથી આત્મ પ્રદેશોનું સંહરણ કરી મન્થાન રૂપે થાય. છટ્ઠા સમયે મન્થાનનું સંહરણ કરે છે. સાતમા સમયે કપાટનું સંહરણ કરે છે. આઠમા સમયે દંડનું સંહરણ કરીને જીવ શરીરસ્થ થાય છે.

૩૮૫. પહેલા અને આઠમા સમયે કયો યોગ હોય ?

ઉ. પહેલા અને આઠમા સમયે એક ઔદારિક કાયયોગ હોય.

૩૮૬. બીજા છટ્ઠા સાતમા સમયે કયો યોગ હોય ?

ઉ. બે છ અને સાત સમયે ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે.

૩૮૭. ત્રીજા ચોથા પાંચમા સમયે કયા યોગ હોય ?

ઉ. ૩,૪,૫ સમયે જીવને કાર્મણ કાયયોગ હોય છે.

૩૮૮. એ (૩,૪,૫) સમયે જીવ કેવો કહેવાય ?

ઉ. એ ત્રણે સમયે જીવ અણાહારી હોય છે.

૩૮૯. સયોગિકેવલી ગુણસ્થાનકના કેટલા કાળે જીવ શું કાર્ય કરવા પ્રયત્ન કરે ?

ઉ. છેલ્લા અંતર્મુહૂર્તે યોગ નિરોધ કરવાનો પ્રયત્ન કરે છે.

૩૯૦. બાદરકાય યોગાદિથી શું રૂંધન કરે ?

ઉ. બાદર કાયયોગ વડે બાદર મન યોગનું રૂંધન કરે છે.

૩૯૧. બાદર મનયોગથી શું રૂંધે ?

ઉ. બાદર મન યોગથી બાદર વચન યોગનું રૂંધન કરે છે.

૩૯૨. ત્યાર બાદ શું કાર્ય કરે ?

ઉ. સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગનું રૂંધન કરે છે.

૩૯૩. ત્યાર બાદ શું કાર્ય કરે ?

ઉ. સૂક્ષ્મ કાયયોગથી સૂક્ષ્મ મન યોગ રૂંધે છે તેમજ સૂક્ષ્મ કાયયોગથી સૂક્ષ્મ વચન યોગ પણ રૂંધે છે.

૩૯૪. ત્યાર બાદ જીવ શું કાર્ય કરે ?

ઉ. સૂક્ષ્મ કાયયોગનું રૂંધન કરતો છતો શુક્લ ધ્યાનનો ત્રીજો પાયો સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી નામનો ધ્યાવે છે.

૩૯૫. આ શુક્લ ધ્યાનના પાયાથી શું કાર્ય થાય ?

ઉ. તેના સામર્થ્યથી વદન ઉદર આદિ પોલાણ ભાગોને આત્મપ્રદેશો વડે કરીને પૂરે એટલે કે શરીરનો ત્રીજો ભાગ સંકુચિત કરીને બાકીના ભાગમાં આત્મ પ્રદેશોથી ઘન થાય .

૩૯૬. આ ધ્યાનમાં રહ્યો થકો કર્મોનું શું કાર્ય કરે ?

ઉ. સ્થિતિઘાતાદિ વડે કરીને આયુષ્ય વિના ત્રણ કર્મો સયોગી કેવલી

ગુણસ્થાનકમાના છેલ્લા સમયથી હ્રાસ કરે. ચરમ સમયે સર્વકર્મ સયોગી કેવલી ગુણસ્થાનકની અવસ્થા સમાન થાય.

૩૯૭. કયા કર્મોની કેટલી સ્થિતિ કરે ?

ઉ. જે કર્મોનો આ ગુણસ્થાનકે ઉદય નથી તેની સ્થિતિ એક સમય ન્યૂન કરે છે (હોય છે)

૩૯૮. તેરમા ગુણસ્થાનકના છેલ્લા સમયે શું કાર્ય થાય ?

ઉ. ઉદયમાંથી ત્રીશ પ્રકૃતિનો વિચ્છેદ થાય છે. વેદનીય-૧, શાતા અથવા અશાતા.નામ-૨૯, પિંડ-૧૭, પ્રત્યેક-૫, ત્રસ-૪, સ્થાવર-૩, પિંડ-૧૭-ઔદારિકધ્વિક, તૈજસ-કાર્મણ શરીર, ૧લું સંઘયણ, ૬ સંસ્થાન, ૪ વર્ણાદિ, ૨ વિહાયોગતિ. પ્રત્યેક-૫. પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરૂલઘુ નિર્માણ, ઉપઘાત, ત્રસ-૪. પ્રત્યેક, સ્થિર, શુભ, સુસ્વર,.સ્થાવર-૩, અસ્થિર, અશુભ, દુસ્વર.

૩૯૯. કેટલી પ્રકૃતિઓની ઉદીરણા વિચ્છેદ થાય ?

ઉ. ઉદયની ૪૨ પ્રકૃતિઓમાંથી વેદનીય-૨ અને આયુષ્ય સિવાય, ૩૯ પ્રકૃતિઓની ઉદીરણા વિચ્છેદ થાય છે.

૪૦૦. અનંતર સમયે જીવ શું પ્રાપ્ત કરે ?

ઉ. અયોગી કેવલી ગુણસ્થાનકને જીવ પ્રાપ્ત કરે છે.

૪૦૧. આ ગુણસ્થાનકનો કાળ કેટલો હોય ?

ઉ. એક અંતર્મુહૂર્ત પાંચ હ્રસ્વાક્ષર બોલીએ તેટલો હોય છે.

૪૦૨. આ ગુણસ્થાનકને શુક્લધ્યાનનો કેટલામો પાયો હોય ? કયો ?

ઉ. શુક્લ ધ્યાનનો વ્યુપરતક્રિયા નામનો ચોથો ભેદ(પાયો) હોય છે.

૪૦૩. આ ગુણસ્થાનકમાં ઉદયમાં રહેલી પ્રકૃતિનો કઈ રીતે ક્ષય કરે ?

ઉ. સ્થિતિઘાતાદિથી રહિત ઉદયમાં રહેલી કર્મ પ્રકૃતિઓની સ્થિતિને ભોગવીને ક્ષય કરે છે.

૪૦૪. ઉદયમાં ન હોય તે પ્રકૃતિઓને કઈ રીતે ક્ષય કરે ?

ઉ. અનુદયવંત કર્મ પ્રકૃતિઓને વેદ્યમાન પ્રકૃતિઓને વિષે સ્તિબુક સંક્રમ વડે કરીને સંક્રમાવતો સંક્રમાવતો વેદ્યમાન પ્રકૃતિરૂપ પણે વેદતો થકો

જીવ અયોગી કેવલી ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી (ઉપાન્ત્ય સમય સુધી) પહોંચે છે.

૪૦૫. દેવગતિની સાથે જ એકાંત બંધ છે એવી પ્રકૃતિઓ કેટલી ? તેનો સત્તામાં ક્ષય કયારે કરે ? કઈ ?

ઉ. દેવગતિ સાથે જ એકાંતે બંધ હોય એવી ૧૦ પ્રકૃતિઓ છે. દેવદ્વિક-વૈક્રિયદ્વિક (ચતુષ્ક) આહારકદ્વિક (ચતુષ્ક) તેનો દ્વિચરમ સમયે ક્ષય થાય છે.

૪૦૬. અનુદયમાં રહેલી બાકીની પ્રકૃતિઓનો ક્ષય કયારે થાય ? તે કેટલી હોય ? કઈ ?

ઉ. અનુદયમાં રહેલી ૬૩ પ્રકૃતિઓ હોય છે તેનો ક્ષય પણ દ્વિચરમ સમયે જ થાય છે. તે આ પ્રમાણે, વેદનીય-૧, નામ-૬૧, ગોત્ર-૧=૬૩. વેદનીય-૧ શાતા અથવા અશાતા. ગોત્ર-૧, નીચ ગોત્ર. નામ-૬૧. પિંડ-૪૫, પ્રત્યેક-૫, ત્રસ-૪, સ્થાવર-૭= ૬૧. પિંડ-૪૫. ઔદારિક-તૈજસ-કાર્મણ શરીર-૩, બંધન,-૩ સંઘાતન- ઔદારિક અંગોપાંગ-૬ સંઘયણ-૬ સંસ્થાન-વર્ણાદિ-૨૦, ૨ વિહાયોગતિ-મનુષ્યાનુપૂર્વી. પ્રત્યેક-૫. પરાઘાત-ઉચ્છવાસ-અગુરૂલઘુ નિર્માણ-ઉપઘાત. ત્રસ-૪, પ્રત્યેક-સ્થિર-શુભ-સુસ્વર. સ્થાવર-૭. અપર્યાપ્ત-અસ્થિરષષ્ક

૪૦૭. અયોગી કેવલી ગુણ સ્થાનકના છેલ્લા સમયે કેટલી પ્રકૃતિનું વેદન (ઉદય) હોય ? કઈ ?

ઉ. ૧૨ પ્રકૃતિઓ. વેદનીય-૧. આયુ-૧, ગોત્ર-૧, નામ-૯, વેદનીય-૧, શાતા અથવા અશાતા. આયુ-૧, મનુષ્યાયુષ્ય. ગોત્ર-૧, ઉચ્ચ ગોત્ર. નામ-૯. પિંડ-૨, પ્રત્યેક-૧, ત્રસ-૬. પિંડ-૨, મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ. પ્રત્યેક-૧ જિનનામ. ત્રસ-૬, ત્રસ-બાદર-પર્યાપ્ત-સુભગ-આદેય-યશ.

૪૦૮. સામાન્ય કેવલી જીવોને ઉદયમાં કેટલી હોય ? કઈ ?

ઉ. ૧૨ પ્રકૃતિમાંથી જિનનામ વિના ૧૧ ઉદયમાં હોય છે, વેદનીય-૧ આયુ-૧, ગોત્ર-૧, નામ-૮, નામ-૮. પિંડ-૨, ત્રસ-૬ = ૮

૪૦૯. છેલ્લા સમયે સત્તામાં કેટલી પ્રકૃતિઓ હોય ?

ઉ. ઉત્કૃષ્ટથી મતાંતરે ૧૩ પ્રકૃતિઓ સત્તામાં હોય જઘન્યથી ૧૨ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

૪૧૦. તેર પ્રકૃતિઓની સત્તા કઈ કઈ ?

ઉ. વેદનીય-૧, આયુ-૧, ગોત્ર-૧, નામ-૧૦, પિંડ-૩, પ્રત્યેક-૧, ત્રસ-૬, પિંડ-૩, મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-મનુષ્યાનુપૂર્વી

૪૧૧. અયોગીને છેલ્લા સમયે શું કાર્ય થાય ?

ઉ. મનુષ્યગતિની સાથે ઉદય છે જેનો એવી ભવવિપાકી, ક્ષેત્ર વિપાકી તથા જીવ વિપાકી પ્રકૃતિઓનો ભવ્ય સિધ્ધિક જીવ ઉદય અને સત્તામાંથી ક્ષય કરે છે.

૪૧૨. ક્ષય થતાં જીવ શું પ્રાપ્ત કરે ?

ઉ. એ પ્રકૃતિઓનો ઉદય સત્તામાંથી ક્ષય થતાં જીવ સકલકર્મના ક્ષયથી એકાંત શુધ્ધ, રાગ-ધ્વેષથી રહિત હોવાથી સંપૂર્ણ, સંસારિક સુખના શિખરભૂત સર્વોત્તમ રોગ રહિત, તેના જેવું સુખ સંસારમાં કોઈ જગ્યાએ ન હોવાથી ઉપમારહિત સ્વાભાવિક પીડા રહિત ત્રણ રત્નના સારભૂત મોક્ષસુખ(શિવસુખ) ને અનુભવે છે.

## ઉપસંહાર

દુરહિગમ નિઉણ પરમત્થ
રૂઈર બહુભંગ દિટ્ઠિવાયાઓ ।
અત્થા અણુસરિ અવ્વા
બંધોદય સંત કમ્માણં ॥૮૯॥
જો જત્થ અપડિપુન્નો
અત્થો અપ્પાગમેણ બધ્ધોત્તિ ।
તં ખમિઉણ બહુસુઆ
પુરેઉણં પરિકહંતુ ॥૯૦॥
ગાહગ્ગં સયરીએ
ચંદ મહત્તર મયાણુસારીએ ।

તિગાઈ (ટીગાઈ) નિઅમિઆણં
એગૂણા હોઈ નઉઈઓ ॥૯૧॥

ભાવાર્થ : દુઃખે જાણી શકાય એવા સૂક્ષ્મ બુધ્ધિએ ગમ્ય, યથાસ્થિત અર્થવાળા આનંદકારી બહુભાંગા છે જેને વિષે એવા દ્રષ્ટિવાદ સૂત્ર થકી બંધ-ઉદય અને સત્તાના વિશેષ અર્થો જાણવા ॥૮૯॥

અલ્પ શ્રૃતવાળા એવા મેં જ્યાં જે અપૂર્ણઅર્થ રચ્યો હોય તે ક્ષમા કરીને બહુશ્રુતો તે તે અર્થો મેળવીને સારી રીતે પ્રતિપાદનકરે ॥૯૦॥

ચન્દ્રમહત્તરાચાર્યને અનુસરવાવાળી સીત્તેર ગાથાઓ વડે કરીને આ ગ્રંથની રચના કરાયેલી છે ટીકાકારે રચેલી નવી ગાથાઓ ઉમેરતાં નેવ્યાશી (૮૯) ગાથાનો આ ગ્રંથ થાય છે. ॥૯૧॥ સમાપ્ત

૪૧૩. વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ શેમાંથી જાણવું ?

ઉ. વિશેષજાણવાની ઈચ્છાવાળા જીવોને આચાર્ય ભગવંત કહી રહેલ છે કે દુઃખે કરીને જાણી શકાય તેવા ગંભીર અર્થવાળા, સૂક્ષ્મ બુધ્ધિથી જાણી શકાય તેવા અર્થ જાણવામાં કુશળ, પંડિત જનોને આલ્હાદકારી, ઘણાં ભાંગા છે એવું જે દષ્ટિવાદ નામનું બારમું અંગ તેમાંથી અત્રે જે અર્થ કહેલા ન હોય તે વિસ્તારથી તેમાંથી જાણી લેવા.

૪૧૪. ચન્દ્રમહત્તરાચાર્ય પોતાની લઘુતા શી રીતે જણાવે છે ?

ઉ. અલ્પશાસ્ત્રના જાણ એવા મેં જે આ ગ્રંથ રચ્યો છે તેમાં મારા અપરિપૂર્ણ કહેવા રૂપ અપરાધને ખમીને બહુ શ્રુતોએ તે અર્થ પરીપૂર્ણ કરીને વિચારવો.

૪૧૫. તે પરિપૂર્ણ અર્થ કોની પાસે કહેવો ?

ઉ. શિષ્ય પ્રશિષ્ય શ્રાવક આદિ સમુદાયને વિષે અર્થાત જે આ જાણવા માટે અર્થી હોય તેઓની પાસે કહેવો.

૪૧૬. આ સપ્તતિકા ગ્રંથ કેટલી ગાથાઓનો કરેલો છે ?

ઉ. આચાર્ય ભગવંત શ્રી ચન્દ્રમહત્તરાચાર્યજી એ આ સપ્તતિકા ગ્રંથ સિત્તર(૭૦) ગાથાઓનો બનાવેલો છે.

૪૧૭. આ ગ્રંથનું નામ સપ્તતિકા શાથી પાડયું ?

ઉ. તેની મૂલ ૭૦ ગાથા હોવાથી સપ્તતિકા નામ પડેલું છે.

૪૧૮. હાલ એકાણું ગાથા શાથી છે ? કોને કરેલી છે ? શાથી ?

ઉ. ટીકાકાર મહર્ષિએ આ ગ્રંથ ભણવામાં કઠીન જાણીને ગ્રંથ કર્તાની આજ્ઞા મુજબ જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં ભાષ્યની ગાથાઓ ઉમેરીને સુલભ બનાવ્યો છે. માટે તેની ૮૯ ગાથાઓ થાય છે તથા બે ગાથા પ્રક્ષેપ હોવાથી કુલ ગાથાઓ એકાણું (૯૧) થાય છે.

## આ રીતે સપ્તતિકા નામા ષષ્ઠ કર્મગ્રંથ પ્રશ્નોત્તરી સમાપ્ત

સંવત ૨૦૪૯ પોષ સુદ ૫ તા. ૨૯-૧૨-૧૯૯૨ મુંબાપુરી નગરે શ્રી ઈરલા જૈન નગીનદાસ કરમચંદ ઉપાશ્રય મધ્યે શ્રી સીમંધર સ્વામી તથા શ્રી શ્રેયાંસનાથ સ્વામીની છત્ર છાયામાં પરમારાધ્યપાદ પરમ ગુરૂદેવશ્રીની અસીમ કૃપા તથા દિવ્યકૃપાથી પૂર્ણ કરેલ છે.

સાંજના ૪.૩૦ કલાકે

**શુભં ભવતુ કલ્યાણં ભવતુ**

**છટ્ઠા કર્મગ્રંથના કુલ ૫૭૦૯ પ્રશ્નો થયેલ છે.**

પદાર્થ દર્શન ટ્રસ્ટ

આશ્રમ રોડ, અમદાવાદ